RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૧ બુધવાર, તા.૨૪-૦૪-૨૦૨૪ અંક : ૨૨૬ વર્ષ : ૨૧ e-mail : sauaajtak@gmail.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# ૨૦૨૬ સુધીમાં દોડશે દેશની પહેલી બુલેટ ટ્રેન

## એક સેક્શનમાં પ્રથમ ટ્રેન ચલાવવા માટે તૈયાર થઈ જશું - મંત્રી અશ્વિની વૈષ્ણવ

નવીદિલ્હી,

કેન્દ્રીય રેલવે અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે બુલેટ ટ્રેન પ્રોજેક્ટને લઈને મંગળવારે કહ્યું કે, દેશની પ્રથમ બુલેટ ટ્રેન માટેના જુદા જુદા સ્ટેશનો પર નિર્માણાધિન કાર્યમાં ઘણી પ્રગતિ જોવા મળી રહી છે. ૨૦૨૬ સુધીમાં અમે એક સેક્શનમાં પ્રથમ ટ્રેન ચલાવવા માટે તૈયાર થઈ જશું.

આઈએએનએસને આપેલા ઈન્ટરવ્યુમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અમદાવાદ-મુંબઈ રૂટ પર બુલેટ ટ્રેનનું કામ સારી રીતે ચાલી રહ્યું છે. તેમણે કહ્યું, '૨૯૦ કિલોમીટરથી વધુનું કામ પૂર્ણ થઈ ગયું છે. જે અંતર્ગત ૮ નદીઓ પર પુલ બનાવવામાં આવ્યા છે. હાલ ૧૨ સ્ટેશનો પર કામ ચાલી રહ્યું છે. આ સ્ટેશનોનું કામકાજ પણ પૂર્ણતાના આરે પહોંચી ગયું છે.

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે બુલેટ ટ્રેનને લઈને ૨ ડેપો પર કામ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું, 'વર્ષ ૨૦૨૬માં તેના પ્રથમ તબક્કામાં ટ્રેન શરૂ કરવાનું લક્ષ્યાંક છે. આ બાબતને ધ્યાનમાં રાખીને કામગીરી ખૂબ જ ઝડપી ગતિએ ચાલી રહી છે. બુલેટ ટ્રેન ખૂબ જટિલ પ્રોજેક્ટ છે. આના પર કામ વર્ષ ૨૦૧૭માં શરૂ થયું હતું અને ડિઝાઈનને તૈયાર કરવામાં લગભગ અઢી વર્ષનો સમય લાગ્યો હતો.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'બુલેટ ટ્રેનની ડિઝાઈન જટિલ છે કારણ કે જે ઝડપે ટ્રેન દોડવાની હોય છે, તેમાં ઘણું વાઈબ્રેશન હોય છે. એ વાઈબ્રેશનને રોકવા માટે શું કરવું એ બધી વસ્તુને ખૂબ જ કાળજીપૂર્વક જોવાની જરૂર છે. આના પર વધુ કામ ટૂંક સમયમાં શરૂ થશે.

ગુજરાતમાં આણંદ બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ કાર્ય પણ પ્રગતિમાં છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના પ્રવક્તા સુષ્મા ગૌરે જણાવ્યું કે સ્ટેશન માટે પાઈલીંગનું કામ ડિસેમ્બર ૨૦૨૧માં શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં ૧૦૦ ટકા કોન્કોર્સ સ્લેબ, ટ્રેક સ્લેબ અને સ્ટ્રક્ચરલ સ્ટીલનું કામ પૂર્ણ થયું છે. આણંદ શહેરને ભારતની દૂધ નગરીથી ઓળખવામાં આવે છે. આણંદ બુલેટ ટ્રેન સ્ટેશનનો અગ્રભાગ અને આંતરિક ડિઝાઈન દૂધના ટીપાંની પ્રવાહી પ્રકૃતિ, આકાર અને રંગથી પ્રેરિત છે. આણંદ બુલેટ ટ્રેન સ્ટેશનની વિશેષતાઓ જોઈએ તો પ્લેટફોર્મની લંબાઈ – ૪૧૫ મીટર, સ્ટેશનની ઊંચાઈ – ૨૫.૬ મીટર, કુલ બિલ્ટ અપ એરિયા – ૪૪,૦૭૩ ચો.મી., સ્ટેશનમાં ત્રણ માળ હશે, જેમાં બંને બાજુ પ્લેટફોર્મ અને વચ્ચે ચાર ટ્રેક હશે.

## મુખ્યમંત્રી પટેલે કષ્ટભંજનદેવની ઉતારી આરતી



બોટાદ, તા. ૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળવારે પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર, સાળંગપુર ધામ ખાતે આયોજિત હનુમાન જયંતિ ઉત્સવમાં ભક્તિભાવ સાથે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન હનુમાનજી મહારાજને ચઢાવવામાં આવેલ મહા અન્નકૂટની આરતીમાં ભાગ લીધો હતો અને સૌના સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

હનુમાન જયંતિના પાવન અવસરે સાળંગપુર ધામમાં દર વર્ષે યોજાતી વિવિધ ધાર્મિક કાર્યક્રમોની પરંપરા મુજબ આ વર્ષે પણ સમૂહ મારુતિ યજ્ઞની સાથે હનુમાનજી મહારાજને અર્પણ કરેલ મહા અન્નકૂટ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

હનુમાન જયંતિ નિમિત્તે તેમણે હનુમાનજી મહારાજની ભક્તિભાવપૂર્વક આરતી કરી હતી અને તમામ લોકોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના પણ કરી હતી.હનુમાન જયંતિની આ ભવ્ય ઉજવણીમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો, આગેવાનો અને ભક્તોએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો.

## એફએમસીજી ભ્રામક જાહેરાતો અંગે સરકારે કરેલી કાર્યવાહીનો રિપોર્ટ માગતી સુપ્રિમ કોર્ટ

### સુપ્રીમે ત્રણ વર્ષમાં ગેરમાર્ગે દોરનારી જાહેરાતો પર લેવાયેલી કાર્યવાહીનો રિપોર્ટ સબમિટ કરવાનો આદેશ આપ્યો

નવીદિલ્હી,તા.૨૩

પતંજલિની ભ્રામક જાહેરાત મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન યોગ ગુરુ રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ હાજર રહ્યા હતા. કોર્ટે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનને ઠપકો આપતા કહ્યું કે તે પતંજલિ તરફ આંગળી ચીંધી રહી છે, જ્યારે ચાર આંગળીઓ તેમના તરફ ઈશારો કરી રહી છે. તમને જણાવી દઈએ કે, આ મામલામાં આગામી સુનાવણી ૩૦ એપ્રિલે થશે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે એફએમસીજી ભ્રામક જાહેરાતો પણ પ્રકાશિત કરે છે જે લોકોને ગેરમાર્ગે દોરે છે, જેનાથી ખાસ કરીને શિશુઓ, શાળાએ જતા બાળકો અને વરિષ્ઠ નાગરિકો કે જેઓ તેમના ઉત્પાદનોનું સેવન કરે છે તેમના સ્વાસ્થ્યને અસર કરે છે. કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લાયસન્સ સત્તાવાળાઓને આ કેસમાં પક્ષકાર બનાવવા જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય મંત્રાલયોને ત્રણ વર્ષ સુધી ગેરમાર્ગે દોરનારી જાહેરાતો પર લેવામાં આવેલી કાર્યવાહી અંગે એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

## મલેશિયન નેવીનાં ૨ હેલિકોપ્ટર હવામાં ટકરાયાં : ૧૦નાં મોત

### મલેશિયન નેવી પરેડ માટે રિહર્સલ થઈ રહ્યું હતું : આકાશમાં બંને હેલિકોપ્ટર ક્રેશ થયા

મલેશિયા,

આજે મલેશિયન નેવીના ૨ હેલિકોપ્ટર આકાશમાં ટકરાયા હતા. અકસ્માતમાં ૧૦ના મોત થયા છે. મલેશિયન નેવીએ જણાવ્યું કે રોયલ મલેશિયન નેવી પરેડના રિહર્સલ દરમિયાન આ અકસ્માત થયો હતો.આજે સવારે ૯.૩૦ વાગ્યે પેરાકમાં લુમુટ નેવલ બેઝ પર આ અકસ્માત થયો હતો. તમામ મૃતદેહોને લુમુત આર્મી બેઝની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની ઓળખ કરવામાં આવશે.

હેલિકોપ્ટરની ટક્કરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મલેશિયન ફ્રી પ્રેસના રિપોર્ટ અનુસાર, નેવીની ૯૦મી એનિવર્સરી પરેડ માટે રિહર્સલ ચાલી રહ્યું હતું.

## અનામતને ધર્મના નામે વિભાજિત થવા દેવામાં આવશે નહીં : મોદી

### લોકોને વિભાજિત કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા, રાજસ્થાનમાં મોદીએ જાહેર સભાને સંબોધી

ટોંક-સવાઈમાધોપુર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનમાં ટોંક-સવાઈમાધોપુરના ઉનિયારામાં ભાજપના ઉમેદવાર સુખબીર સિંહ જૌનાપુરિયાના સમર્થનમાં જાહેર સભાને સંબોધી છે. વડાપ્રધાન મોદીએ સભામાં સંબોધન કરતા કહ્યું કે રાજસ્થાનના લોકોને વિભાજિત કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. રાજસ્થાને આ બાબતે સાવચેત રહેવાની જરૂર છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી પણ કોંગ્રેસ હોત તો આપણી સેના પર પથ્થરમારો થતો હોત, સરહદ પારથી દુશ્મનો આવતા હોત, અને આપણા જવાનોના માથા કાપીને લઈ જાત હોત અને કોંગ્રેસ સરકારે કંઈ કર્યું ન હોત.

વર્ષ ૨૦૦૪માં કોંગ્રેસે સૌપ્રથમ આંધ્રપ્રદેશમાં એસસી-એસટીનું અનામત ઘટાડીને મુસ્લિમોને અનામત આપવાનો પ્રયાસ કર્યો હતો. આ એક પાયલોટ પ્રોજેક્ટ હતો. બાદમાં તેને સમગ્ર દેશમાં લાગુ કરવાની યોજના હતી, પરંતુ યોજનાઓ સફળ થઈ શકી ન હતી. આ પછી, ૨૦૧૧માં તેને દેશમાં ફરીથી લાગુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. પરંતુ અમે તે થવા દીધું નથી. શું કોંગ્રેસ હવે દેશની જનતાને વચન આપશે કે તે અનામતને મુસ્લિમોમાં વહેંચશે નહીં.

## અનંત-રાધિકાનાં લગ્ન લંડનમાં તેમના સ્ટોક પાર્ક એસ્ટેટમાં થશે

### સ્ટોક પાર્ક એસ્ટેટમાં ૩ દિવસ ચાલશે ઉજવણી

મુંબઈ,

મુકેશ અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી જુલાઈમાં તેમની પ્રેમિકા રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન કરવા જઈ રહ્યા છે. લગ્ન પહેલા, અનંત અને રાધિકાએ માર્ચમાં એક ભવ્ય પ્રી-વેડિંગ ફંક્શન કર્યું હતું. યુગલના પ્રિ-વેડિંગમાં હોલીવુડ, બોલિવૂડ અને બિઝનેસ જગતની ઘણી જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. હવે મળતી માહિતી મુજબ અનંત-રાધિકાના લગ્નની ઉજવણી પ્રી-વેડિંગ સેલિબ્રેશન કરતાં પણ વધુ ભવ્ય અને ધમાકેદાર બનવા જઈ રહી છે. જાણવા મળ્યું છે કે અનંત-રાધિકાના લગ્નનું ફંક્શન જુલાઈમાં લંડનમાં તેમના સ્ટોક પાર્ક એસ્ટેટમાં યોજાવા જઈ રહ્યું છે.સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. નીતા અંબાણી પોતે દરેક બાબત પર ખાસ ધ્યાન આપી રહ્યા છે.

## ૨જી કેસની તાકિદે સુનાવણી માટે કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી

નવીદિલ્હી,તા.૨૩

કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં ૧૨ વર્ષથી વધુ સમય બાદ ૨જી સ્પેક્ટ્રમ કેસ સંબંધિત નિર્ણયમાં સુધારો કરવાની વિનંતી કરી હતી. કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે, સરકાર દેશના પ્રાકૃતિક સંસાધનોને સ્થાનાંતરિત કરતી વખતે હરાજીનો માર્ગ અપનાવવા માટે બંધાયેલી છે. ૨ ફેબ્રુઆરી, ૨૦૧૨ના તેના નિર્ણયમાં જાન્યુઆરી ૨૦૦૮માં ટેલિકોમ મંત્રી તરીકે એ. રાજાના કાર્યકાળ દરમિયાન, વિવિધ કંપનીઓને આપવામાં આવેલા ૨જી સ્પેક્ટ્રમ લાઈસન્સ રદ કરવામાં આવ્યા હતા.

કેન્દ્ર તરફથી હાજર રહેલા એટર્ની જનરલ આર. વેંકટરામાણીએ ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ અને જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચ સમક્ષ વચગાળાની અરજીનો ઉલ્લેખ કર્યો હતો. અરજીની તાત્કાલિક સૂચિબદ્ધ કરવા વિનંતી કરતા ટોચના કાયદા અધિકારીએ બેન્ચને જણાવ્યું હતું કે, અરજી ૨૦૧૨ના ચુકાદામાં ફેરફાર કરવા માંગે છે કારણ કે કેન્દ્ર અમુક કેસોમાં ૨જી સ્પેક્ટ્રમ લાઈસન્સ આપવા માંગે છે. ચીફ જસ્ટિસે વેંકટરામાણીને કહ્યું કે, 'અમે જોઈશું, મહેરબાની કરીને ઈ-મેલ મોકલો.'

## કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડીમાં વધારો

### કે કવિતા અને ચેનપ્રીત સિંહની કસ્ટડી પણ ૭ મે સુધી લંબાવી

નવીદિલ્હી,તા.૨૩

દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૭ મે સુધી લંબાવવામાં આવી છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે દારૂ કૌભાંડ સંબંધિત ઈડી કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને બીઆરએસ નેતાઓ કે કવિતા અને ચેનપ્રીત સિંહની ન્યાયિક કસ્ટડી ૭ મે સુધી લંબાવી છે.

૧૫ એપ્રિલે, કોર્ટે સોમવારે એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૩ એપ્રિલ સુધી લંબાવી હતી. ૨૧ માર્ચની રાત્રે તેની ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલને તેમની ન્યાયિક કસ્ટડીના અંતે રાઉઝ એવન્યુ કોર્ટના વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજા સમક્ષ વર્ચ્યુઅલ રીતે રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે કહ્યું કે તે ૨૩ એપ્રિલ સુધી કસ્ટડી લંબાવી રહી છે જ્યારે સહ-આરોપી (બીઆરએસ નેતા કે કવિતા)ની ન્યાયિક કસ્ટડી પણ સમાપ્ત થઈ રહી છે.૨૨ માર્ચે ટ્રાયલ કોર્ટે તેને છ દિવસની ઈડી કસ્ટડીમાં મોકલી દીધો હતો, જે ચાર દિવસ માટે લંબાવવામાં આવ્યો હતો. તેને ૧ એપ્રિલે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. ૧૦ એપ્રિલના રોજ, દિલ્હી હાઈકોર્ટે કેજરીવાલની ધરપકડને પડકારતી અરજીને ફગાવી દીધી હતી.

## રાજૌરીમાં ટાર્ગેટ કિલિંગ : આતંકીઓએ સરકારી કર્મચારીની ગોળી મારી હત્યા કરી

### એક મહિનામાં ટાર્ગેટ કિલીંગની ત્રીજી ઘટના બની

રાજૌરી,

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં આતંકીઓએ ફરી એકવાર ટાર્ગેટ કિલિંગને અંજામ આપ્યો છે. આતંકવાદીઓએ સોમવારે એક સ્થાનિક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરી હતી. પીડિતાની ઓળખ કુંડા ટોપે શાહદરા શરીફના રહેવાસી મોહમ્મદ રઝાક તરીકે થઈ છે.

૪૦ વર્ષીય રઝાક સમાજ કલ્યાણ વિભાગમાં કામ કરતો હતો. તેનો ભાઈ સેનામાં સૈનિક છે. આતંકીઓએ મોહમ્મદ રઝાકના ઘર પર ગોળીબાર કર્યો હતો. આ દરમિયાન રઝાકને ગોળી વાગી હતી. હુમલામાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેનું મૃત્યુ થયું. પોલીસે આરોપીને પકડવા માટે સમગ્ર વિસ્તારને સીલ કરી દીધો છે. પોલીસ અને સેનાની સંયુક્ત ટીમે હુમલાખોરોને પકડવા માટે વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે.

## આગામી ૫ દિવસ કાળઝાળ ગરમીની આગાહી

### પંજાબ-હરિયાણા અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડી શકે છે

નવીદિલ્હી,તા.૨૩

ગરમીએ લોકોની હાલત ખરાબ કરી દીધી છે. એકતરફ પારો ચઢી રહ્યો છે તો બીજી તરફ લૂ પણ થપેડા મારી રહી છે. હવામન વિભાગના અનુસાર પૂર્વી ભારતના એક મોટા ભાગમાં લૂનો આતંક જોવા મળી રહ્યો છે. આગામી ૫ દિવસ હીટવેવ ચાલુ રહેશે. પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા અને બિહારના કેટલાક વિસ્તારોમાં લૂ પરેશાન કરી શકે છે. આ મહિનામાં બીજી વખત થનાર છે. પંજાબ-હરિયાણા અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પણ પડી શકે છે. સ્કાઈમેટ વેધર રિપોર્ટ અનુસાર આગામી ૨૪ કલકમાં ૨૩ થી ૨૬ એપ્રિલ વચ્ચે જમ્મુ-કાશ્મીર, ગિલગિટ-બાલ્ટિસ્તાન, લદ્દાખ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. કેટલીકા જગ્યાએ હિમવર્ષાની પણ સંભાવના છે. આ ઉપરાંત આજે ઉત્તરી પંજાબ અને ઉત્તરી હરિયાણામાં હળવો વરસાદ પડી શકે છે. ગાજવીજ અને વિજળી સાથે ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

જાણી લો કે ૨૩ થી ૨૪ એપ્રિલ વચ્ચે નોર્થ-ઈસ્ટ ભારતમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આજે ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, પૂર્વ મધ્ય પ્રદેશ અને સિક્કિમના કેટલાક વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. ૨૩ થી ૨૬ એપ્રિલની વચ્ચે મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, ઉત્તર કોંકણ અને ગોવામાં હળવો વરસાદ પડી શકે છે. તે જ સમયે, ૨૩ થી ૨૪ એપ્રિલની વચ્ચે આંતરિક કર્ણાટક અને કેરળમાં છૂટાછવાયા વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના અનુસાર ૧૫ એપ્રિલથી ઓડિશામાં અને ૧૭ એપ્રિલથી વેસ્ટ બંગાળમાં ગંગા કિનારા વિસ્તારોમાં લૂ પરેશાન કરી રહી છે. તો બીજી તરફ કોસ્ટલ આંધ્રપ્રદેશ, પુડુચેરી, કર્ણાટક, ગોવા, તમિલનાડુ, કેરળ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં High Humidity લોકોની સમસ્યાઓમાં વધારો કરી શકે છે. પૂર્વ મધ્યપ્રદેશમાં આજે રાત્રે તાપમાન ખૂબ ઉંચુ રહેવાની શક્યતા છે. રાત્રે ઉંચુ તાપમાન ખતરનાક માનવામાં આવે છે કારણ કે શરીરને ઠંડુ થવાની તક મળતી નથી.

# ૧૪-અમરેલી લોકસભાના જનરલ નિરીક્ષક એમ.કે. દ્રાબુ, પોલીસ નિરીક્ષક નાઝનીન ભસીન અને ખર્ચ નિરીક્ષક શ્રીનિવાસુ કોલ્લીપકા સાથે ચૂંટણી કામગીરી સમીક્ષા બેઠક યોજાઈ

## મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણી કરાવવા માટે જિલ્લા ચૂંટણી તંત્રને માર્ગદર્શન આપતા ચૂંટણી નિરીક્ષકો

અમરેલી: ૧૪-અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી અંતર્ગત જિલ્લા ચૂંટણી તંત્રના નોડલ અધિકારીશ્રીઓ સાથે આગામી લોકસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવાના હેતુથી અમરેલી લોકસભા બેઠકના નિરીક્ષકશ્રીઓ સાથે અમરેલી જિલ્લા સેવા સદન ખાતે બેઠક યોજાઇ હતી. ચૂંટણી કામગીરીને લગતી સમીક્ષા બેઠકમાં ૧૪-અમરેલી લોકસભા ચૂંટણી જનરલ નિરીક્ષકશ્રી એમ.કે. દ્રાબુ, પોલીસ નિરીક્ષકશ્રી નાઝનીન ભસીન, ખર્ચ નિરીક્ષકશ્રી શ્રીનિવાસુ કોલ્લીપકા અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાએ સ્વાગત કર્યુ હતુ. ચૂંટણી ફરજ પરના નિરીક્ષકશ્રીઓએ, વિવિધ નોડલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓને જરુરી માર્ગદર્શન આપ્યું હતું.

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ દરમિયાન અમરેલી ખાતે ચૂંટણી ફરજ પર છે તેવા જનરલ નિરીક્ષકશ્રી એમ.કે. દ્રાબુએ અમરેલી જિલ્લાની ચૂંટણી પ્રક્રિયાને સરળતા અને સુચારું રીતે સંપન્ન કરવા તાલીમ અગત્યનો ભાગ હોય જરુરી તાલીમ કાર્યક્રમ યોગ્ય રીતે પૂર્ણ કરવામાં આવે તે બાબત પર તેમણે ભાર આપવા જણાવ્યુ હતુ. ચૂંટણી પ્રક્રિયા સુચારુ રીતે અનુસરવા માટે તમામ અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓને જરુરી તાલીમ નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા તેમણે સૂચના આપી હતી. આ તકે તેમણે ઈવીએમ રેન્ડમાઈઝેશન, મતદાન મથકો, થીમ બેઈઝડ સહિતના વિશેષ મતદાન મથકો, ઈ.વી.એમ. વ્યવસ્થાપન સહિતના મુદ્દે વિગતવારે માર્ગદર્શન આપ્યું હતું.



પોલીસ નિરીક્ષકશ્રી નાઝનીન ભસીને અમરેલી લોકસભા મતવિસ્તારની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. વિવિધ વિસ્તારોમાં આવેલા મતદાન મથકો અને તે મતદાન પર કરવામાં આવનાર વ્યવસ્થા, ચૂંટણીલક્ષી કામગીરી માટે હાથ ધરવામાં આવેલા પગલાઓ અને મતદાન પૂર્વેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. શ્રી ભસીને ઉમેર્યુ કે, મજબૂત લોકશાહીના નિર્માણ અર્થે પ્રત્યેક મત મહત્વનો છે. મુક્ત, ન્યાયી અને પારદર્શી વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા થાય તે અગત્યનું છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અજય દહિયાએ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તેમજ નોડલ અધિકારીશ્રીઓની લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તૈયારી અને કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે મતદાન મથકોની વ્યવસ્થા, પ્રિસાઈડીંગ અધિકારીશ્રી તેમજ ચૂંટણી ફરજ પરના અન્ય કર્મયોગીઓની ભોજન, રહેવાની, આવાગમન સહિતની વ્યવસ્થાઓ અંગે જરુરી વ્યવસ્થાઓ જળવાઈ અને ચૂંટણીલક્ષી કામગીરી-પ્રક્રિયા યોગ્ય રીતે અનુસરવામાં આવે તે માટે સૂચનો કર્યા હતા. મતદારોને અગવડ ન પડે તે માટે સ્વચ્છતા જળવાઈ રહે, ગરમી અને હિટવેવની આગાહીને ધ્યાને લેતા અન્ય જરુરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા તેમણે જણાવ્યુ હતુ. વરિષ્ઠ નાગરિકોને ઘરબેઠા મતદાન માટેની વ્યવસ્થા, ચૂંટણી ફરજ પરના કર્મચારીઓના મતદાન માટેની વ્યવસ્થાઓ અંગે વિગતો જણાવી હતી.

લોકસભાની ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃત્તિ અર્થે કરવામાં આવેલી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન પ્રવૃત્તિઓ અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને નોડલ અધિકારીશ્રી (TIP) પરિમલ પંડ્યાએ વિગતો જણાવી હતી. અમરેલી જિલ્લામાં મતદાન જાગૃત્તિ અર્થે કરવામાં આવેલી પ્રવૃત્તિઓ અને કામગીરીઓને નિરીક્ષકશ્રીઓએ બિરદાવી હતી.

અમરેલી જિલ્લામાં વર્ષ-૨૦૨૪ની લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે હાથ ધરવામાં આવેલા પગલાઓ અને પોલીસ બંદોબસ્ત માટે અધિકારી-કર્મચારીશ્રીઓને સોંપવામાં આવેલી ફરજ અંગેના આયોજન વિશે જિલ્લા પોલીસ વડાશ્રી હિમકર સિંઘે વિગતો જણાવી હતી.

અમરેલી લોકસભા બેઠકના નાયબ ચૂંટણી અધિકારીશ્રી સક્સેનાએ બેઠકની સમગ્રતયા તૈયારીઓ અને આંકડાકીય વિગતો રજૂ કરી હતી. અમરેલી લોકસભા બેઠક અંતર્ગત તૈયાર કરવામાં આવનાર આદર્શ મતદાન મથકો, યુવા મતદાન મથકો, મહિલા કર્મચારી સંચાલિત મતદાન મથકો, પી.ડબલ્યુ.ડી.સહિતના ચૂંટણી પંચના નિર્દેશ મુજબ તૈયાર થનાર થીમ બેઈઝડ મતદાન મથકો, યુવા મતદાન મથક, વિશિષ્ટ ભૌગોલિક સ્થિતિ ધરાવતા મતદાન મથક અંગે નિરીક્ષકશ્રીઓને વિગતો આપી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી ફરજ પરના વિવિધ નોડલ અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, વિવિધ સમિતિઓના સબ નોડલ અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત ગાયત્રી સંસ્કારધામ ચલાલા ખાતે ગાયત્રી પરિવારની મીટીંગ યોજાઈ

અમરેલી: ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે અમરેલી, બોટાદ અને ભાવનગર ત્રણ જીલ્લાની ઉપઝોનની મીટીંગ યોજાઈ હતી. જેમાં સર્વપ્રથમ સંસ્થાના વડા પૂ.શ્રી ડો. રતિદાદા, પ્રફુલભાઈ સેંજળીયા, ગોવિંદભાઈ ગોંડલિયા, અતુલભાઈ પંડયા, ભરતભાઈ ત્રિવેદી, હરિશંકરભાઈ પંડ્યા, ભટ્ટસાહેબ (ટી.ડી.ઓ.), બીપીનભાઈ ભરાડ, બાબભાઈ રાજયગુરૂ, મેહુલભાઈ પટેલ સહીત મહાનુભાવોના વરદ હસ્તે દીપપ્રાગટ્યથી કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ અમરેલી, બોટાદ અને ભાવનગર ત્રણ જીલ્લાના પ્રમુખ શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા આવનારા સમયમાં ગાયત્રી પરિવારનું મોટું આયોજન જ્યોતિ કળશયાત્રા આવી રહી છે. તેના આયોજન માટે ચર્ચા વિચારણા કરી હતી.

ત્યારબાદ ભાવનગર જીલ્લાનો વાર્ષિક અહેવાલ દીનેશભાઈ ત્રિવેદીએ આપ્યો હતો અને બોટાદ જીલ્લાનો વાર્ષિક અહેવાલ મેહુલભાઈ પટેલે આપ્યો હતો, અમરેલી જીલ્લાનો વાર્ષિક



અહેવાલ અતુલભાઈ પંડયાએ આપ્યો હતો. સાથે સાથે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા તેમજ ત્રણેય જિલ્લાઓનું સંગઠન વધુ મજબુત માટે વિશેષ ચર્ચા થઈ હતી. ચલાલા ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂ. શ્રી ડો. રતિદાદા ને ડોકટર (પી.એચ.ડી.)ની પદવી મળતા ત્રણેય જીલ્લાના વરિષ્ઠ પરિજનોએ સન્માન કર્યું હતું. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ડાયરેકટર શ્રી ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તેમજ સ્કાઉટ ગાઈડ સન્માનિત શીતલબેન મહેતાએ કરી હતી તેમજ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી. અને મીટીંગ બાદ ત્રણેય જીલ્લાના પ્રતિનિધિઓ સાથે ભોજન પ્રસાદ લીધો હતો.

# મારો મત - મારો અવાજ:પોતાની પ્રથમ મતદાનની સ્મૃતીઓને વાગોળીને નાગરીકોને મતદાન માટે પ્રેરણા આપતા ભારતના ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડ

અમરેલી: ભારતના ચીફ જસ્ટિસ શ્રી ધનંજય યશવંત ચંદ્રચૂડે તાજેતરમાં પ્રસાર ભારતી સાથે કરેલા એક સંવાદમાં મતદારોને મતદાન અવશ્ય કરવા માટે અપીલ કરી હતી અને પોતાની મતદાનને લગતી યાદો તાજા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે,

'એક ભારતીય તરીકે આપણે સૌ વિશ્વની સૌથી મોટી લોકશાહીના નાગરિકો છીએ. ભારતનું સંવિધાન એક નાગરિક તરીકે આપણને ઘણાબધાં અધિકારો આપે છે. પરતું એ એવી પણ અપેક્ષા રાખે છે કે આપણે દરેક આપણને સોંપાયેલ ફરજોને પણ નિભાવીએ. નાગરિકત્વની સૌપ્રથમ ફરજ એ છે કે આપણે મત આપીએ. સંવૈધાનિક લોકશાહીમાં સરકાર એ લોકોની, લોકો દ્વારા અને લોકો માટે હોય છે. આપણે એવું એટલા માટે કહી શકીએ છીએ કારણ કે સરકારને ચૂંટવામાં આપણા દરેકની ભાગીદારીરૂપ ભૂમિકા હોય છે.'

'મને યાદ છે કે હું જ્યારે યુવાન હતો અને જ્યારે મેં મતદાન માટેની લાયકાતની ઉંમર વટાવી ત્યારે મારા હૃદયમાં પ્રથમ વખત હું મતદાન મથકે લાઈનમાં ઊભો રહીશ અને મતાધિકારનો પ્રયોગ કરીશ તેનો ઉત્સાહ હતો. જ્યારે મેં મત આપ્યો ત્યારે આંગળી પર શાહીનું નિશાન લાગ્યું. આ નિશાને મારામાં દેશભક્તિની અને મારા દેશ સાથે સંબંધ સ્થપાયાની જબરદસ્ત લાગણીઓ જન્માવી. ઘણીવાર આપણાં હાથ પર શાહીનું નિશાન પડે તો આપણે વિચારતા હોઈએ કે આ ક્યારે જશે? પણ આ એક એવું શાહીનું નિશાન છે કે જે ક્યારેય ન જાય તેવું હું ઈચ્છતો હતો. કારણકે હું મારી જાતને એક ગૌરવવંતા પ્રદર્શક તરીકે જોતો જે એક ભારતીય નાગરિક તરીકે લાયકાતની ઉંમરને પાર કરેલો પોતાનો મત આપી શકે છે અને ખરેખર તેણે મત આપ્યો છે. મતદાનનો દિવસ હંમેશા મારા માટે અનેક લાગણીઓ જન્માવનારો બની રહે છે.'

'વોટ કરવા આવેલા લોકોની મોટી લાઈનમાંનો હું ભલે એક જ વ્યક્તી છું, પણ અમારામાંનો દરેક વ્યક્તિ એક સમાન નાગરિક છે અને દરેકનો મત એકસમાન મહત્વ ધરાવે છે. આપણું સંવિધાન અને કાયદો 'એક વોટ, એક નાગરિક અને એક મહત્વ' સુનિશ્ચિત કરે છે. મારા મતે




આ મક્કમતા એક સંવૈધાનિક લોકશાહી તરીકે આપણાં રાષ્ટ્રની શક્તિ છે.'

'જ્યારે હું વકીલ બન્યો, અને મારે મુંબઈ અને બાહર અલગ અલગ જગ્યાએ કામ માટે દોડધામ રહેતી, ત્યારે મને હંમેશા એ ચિંતા રહેતી કે હું એ મહત્વનો દિવસ કે જ્યારે મારે મત આપવાનો હોય તે ચૂકુ નહીં. અને મે ક્યારેય ભારતીય નાગરિક તરીકે મારાથી અપેક્ષિત એ ફરજ ચૂકી નથી. એવી જ રીતે હું આપ તમામને વિનંતી કરું છુ કે આપણી મહાન માતૃભૂમીના નાગરીકો તરીકે આપણી જવાબદારીપૂર્વક મત આપવાની આ તક ન ચુકીએ. આપણાં દેશ માટે પાંચ મિનિટ, દર પાંચ વર્ષે અવશ્ય કાઢી શકાય તેમ છે. આથી, આપણે તમામ ગૌરવપૂર્ણ રીતે અચૂક મતદાન કરીએ.'

(સૌજન્યઃ પ્રસાર ભારતી)

# ૨૩ એપ્રિલ, "વિશ્વ પુસ્તક દિવસ"

પુસ્તક. બે પૂંઠા વચ્ચેનાં કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. માત્ર એટલો વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત ? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહીં ! જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે. બે વર્ષના બાળકથી લઈને ઉંમરલાયક વ્યક્તિ પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોક્તિ ને સ્થાન નથી. શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને લોકો તેનો અમલ કરી જ ન શક્યા હોત આથી પણ વિશેષ આપણા પ્રાચીન વેદો થકી આપણે જીવન કઈ




રીતે જીવવું એ જાણી શક્યા ન હોત.

વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકોની વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું અથવા જરા પણ પસંદ નથી કરતાં. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક ચોક્કસ ઉદાહરણ થઈ શકે. પરંતુ બીજી બાજુ એ પણ છે કે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? તે દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. સોશિયલ મીડિયામાં ઘણું કન્ટેન્ટ ઉપલબ્ધ છે, પરંતુ કોઈ પણ કન્સેપ્ટને સારી રીતે સમજવો હોય તો જે તે વિષયના પુસ્તકમાંથી જ તે સરળતાથી સમજી શકાય છે. દુનિયાના અગણિત પુસ્તકાલયો, થોકબંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો સાથે ઉભરતા લેખકો દ્વારા લખાયેલા વિવિધ પ્રકારના કન્ટેન્ટ જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનવાળા પુસ્તકો હજુ પણ વિશ્વમાં રહેલા પુસ્તકપ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યા છે.

# અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા ધ્યાનમાં રાખવા જેવી બાબતો અનુસરીએ

અમરેલીઃ ઉનાળામાં અસહ્ય ગરમીને કારણે આરોગ્ય પર થતી વિપરિત અસરોથી બચવા (લુ લાગવાથી) માટે તકેદારીના પગલા ભરવા આવશ્યક છે. હાલમાં રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો હોય છે જે વધુ પડતી ગરમી મનુષ્યના આરોગ્ય માટે હાનિકારક છે. લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન વધે છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)થી બચવા યોગ્ય પગલાઓ ભરવા આવશ્યક છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી વધુ માત્રામાં પરસેવો થાય છે, તેના લીધે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો થવો, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હૃદયના ધબકારા વધી જવા સહિતની અસરો વ્યક્તિને અનુભવાઇ છે. આરોગ્ય પર થતી આ વિપરીત અસરોથી બચવા યોગ્ય પગલાઓ લેવાના રહે છે.

ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ. નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ બને ત્યાં સુધી તડકામાં ફરવું નહી. દિવસ દરમ્યાન પુષ્કળ માત્રામાં પાણી અને લીંબુ શરબત સહિતનું પ્રવાહી પીતા રહેવું. ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને આવશ્યકતા જણાય ત્યારે ભીના કપડાથી શરીરને અવાર-નવાર લુછતું રહેવું. ગરમીની ઋતુ દરમિયાન બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું. માથાનો દુઃખાવો થવો, બેચેની થવી, ચક્કર આવવા, ઉબકો કે તાવ આવે તો નજીકના દવાખાના કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોક્ટરની સલાહ અને સારવાર વિના વિલંબે તરત લેવી. હિટવેવને લગતા એલર્ટની વખતોવખતની સૂચનાઓને અનુસરવાની અને ગરમીથી બચવા સાવધ રહેવું. શ્રમકાર્યમાં જોડાયેલા હોય તેવા શ્રમિકવર્ગને સન સ્ટ્રોક (લુ) ની અસરોથી બચવા માટે ખાસ ધ્યાન રાખવાનું રહે છે. તેમણે ગરમીથી બચવાના ઉપાયો અનુસરવાના રહે છે, તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જોખમી એલ.ઈ.ડી. લાઈટો ધરાવતા વાહન ધારકોને હવે પેનલ્ટી ફટકારાશે

## રાજયભરમાં ઝુંબેશ શરૂ કરવા વાહન વ્યવહાર કમિશ્ર્નરનો આદેશ

અમરેલી : રાજકોટ સહિત રાજયભરમાં અનેક મોંઘી કારનાં ધારકો અને હેવી વ્હીકલ ધારકો સામેના વાહન ધારકની આંખો અંજાઈ જાય તેવી જોરદાર પ્રકાશ ફેંકતી એલઈડી લાઈટો ફીટ કરાવે છે. અને આવી લાઈટોનાં કારણે ઘણીવાર ગંભીર અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે. ત્યારે હવે રાજયના વાહન વ્યવહાર, વિભાગે આવા વાહનો સામે રાજયવ્યાપી દંડાત્મક પગલાની ઝુંબેશ રૂ કરવાનું નકકી કર્યુ છે. અને આવી ઝુંબેશ અમદાવાદ આરટીઓ અને ટ્રાફિક



પોલીસે શરૂ પણ કરી દીધાનું જાણવા મળી રહ્યું છે.અમદાવાદમાં આવી એલઈડી લાઈટો ધરાવતી અનેક એસયુવી કારો અને હેવી વ્હીકલ ધારકોને તંત્રએ પકડી દંડ પણ ફટકાર્યો છે. રાજયભરમાં જયાં જયાં આવી લાઈટો વાળા વાહનો ફરતા હોય તેને પકડી અને પેનલ્ટી ફટકારવા માટે વાહન વ્યવહાર કમિશ્ર્નરે રાજયના તમામ આરટીઓ અધિકારીઓને ખાસ પરિપત્ર પાઠવ્યો છે.ઉલ્લેખનિય બાબત એ છે કે, એલઈડી ધરાવતા વાહન માલિકો ઉપરાંત આવી લાઈટો વેંચતા અને ફીટ કરી દેતા દુકાનદારો સામે પણ આરટીઓ અને ટ્રાફિક પોલીસ પગલા લેશે અને આવા દુકાનદારોને પણ દંડ ફટકારવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.અમરેલી આરટીઓ તંત્ર પણ એલઈડી લાઈટો ધરાવતા વાહન ધારકો સામે ઝુંબેશ શરૂ કરનાર હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સના આંગણે સ્નેહમિલનનું આયોજન કરવામા આવ્યું



સાવરકુંડલાઃ સાવરકુંડલા તાલુકાની નામાંકિત એવી શૈક્ષણિક સંસ્થા સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સના આંગણે તા.૨૦-૪-૨૪ ને શનિવારના રોજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં સાવરકુંડલા તાલુકાની સરકારી શાળાના આચાર્યો, મુખ્ય વિષય શિક્ષકો અને શિક્ષણ સાથે જોડાયેલ તજજ્ઞો સાથે નવી શિક્ષણ નીતિને લઈને ચર્ચા- વિચારણા કરવામાં આવી હતી. દરેક મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમન્ટો દ્વારા શાળાના ટ્રસ્ટીઓએ સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યકમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ, આચાર્યો, શિક્ષક ભાઈઓ ◦ બહેનો અને શાળા પરિવારના તમામ સભ્યોએ ભારે જહેમત ઉઠાવવી હતી.એમ મનીષભાઈ વિંઝુડા દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# અધિકૃત લાયસન્સ ધારક પાસેથી બિયારણ ખરીદવું:ખેતી નિયામક

## બિયારણના ધારાધોરણો દર્શાવ્યા હોય અને માન્ય હોય તેવા પ્રકારના બિયારણની ખરીદી કરીએ

(અતુલ કારિયા) અમરેલીઃ જિલ્લાના તમામ ખેડૂતોએ આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણ ખરીદી કરતી વખતે બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાઈસન્સ-પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો, જેથી છેતરપીંડીથી બચી શકાય છે. લાયસન્સ-પરવાના ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ,પેઢીઓ કે ફેરિયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કોઈપણ સંજોગોમાં કરવી નહીં. બિયારણ ખરીદ્યું હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદ્દત પૂરી થવાની વિગત દર્શાવતું હોય તેવું સહી સાથેનું બિલ અવશ્ય લેવું. બિયારણની થેલી ખૂલ્લી ન હોય અને બંધ હોય તેવી સ્થિતિમાં છે કે કેમ તેમ જ તેની મુદ્દત પૂરી થઈ કે વીતી ગઇ નથી તે બાબતની ખાસ ચકાસણી કરવી. મુદત મુદ્દત પૂરી થઈ કે વીતી ગઇ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં. વાવણી બાદ ખરીદવામાં આવેલા બિયારણનું પેકેટ, થેલી તથા તેનું બિલ સાચવી રાખવું જરુરી છે. ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો ન દર્શાવ્યા હોય તો તેવા વિવિધ નામથી વેચવામાં આવતા અમાન્ય બિયારણ ખરીદવા નહિ. બિયારણના ધારાધોરણો ન દર્શાવ્યા હોય અને અમાન્ય હોય તેવા પ્રકારના બિયારણનું વેચાણ થતું હોવાનું ધ્યાનમાં આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રિકલ્ચર ઈન્સપેક્ટર અથવા જિલ્લા નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને તુરંત જાણ કરવા તેમ નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) એ એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યુ છે.

### આદર્શ આચાર સંહિતાને લગતી ફરિયાદ માટે ટોલ ફ્રી નં.પર સંપર્ક કરવા અનુરોધ

અમરેલી:આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ આદર્શ આચાર સંહિતા અંગે, ઉમેદવાર કે રાજકીય પક્ષના ચૂંટણી ખર્ચ અંગે, ચૂંટણીને લગતી ગેરરીતિઓ અંગેની વિગતો આપવા જાહેર જનતા માટે અમરેલી જિલ્લામાં જિલ્લા કક્ષાએ ફરિયાદ પર દેખરેખ-નિયંત્રણ રાખવા ફરિયાદ પર દેખરેખ-નિયંત્રણ કક્ષ અને કોલ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. આ માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ (૨૪/૭) કાર્યરત છે.

# ખેડૂતોએ અગમચેતીના ભાગરુપે પગલા લેવા ખેતીવાડી અધિકારીનો અનુરોધ

અમરેલી : જિલ્લામાં પવન સાથે ઉષ્ણ લહેરની સંભાવના છે. અતિશય ગરમી, હિટવેવ હોય તેવી સ્થિતિમાં જિલ્લાના ખેડૂતોએ અગમચેતીના ભાગરુપે બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવું, જ્યારે પણ શક્ય હોય ત્યારે પુષ્કળ પ્રમાણમાં ઠંડુ પાણી તથા લીંબુ શરબત જેવા અન્ય પ્રવાહી લેતા રહેવા. પાણીનું પ્રમાણ વધારે હોય તેવા મોસંબી, તરબુચ, ટેટી, નારંગી, દ્રાક્ષ, અનાનસ, કાકડી જેવા ફળ અને શાકભાજી લેવા. શરીર મહત્તમ રીતે ઢંકાય તેવા પાતળા અને ઢીલા તેમજ વજનમાં હળવા સુતરાઉ વસ્ત્રો પહેરવા. ખાસ કરીને હળવા રંગના વસ્ત્રો પહેરવા, માથું ઢંકાયેલું રાખવું. તડકામાં બહાર જતી વખતે પગમાં બુટ્ટ-ચંપલ પહેરવા, પશુઓને છાંયડે રાખવા, ઉભા પાકને સવારે અથવા સાંજે પિયત આપવું, ગરમીના લક્ષણો મુજબ તાવ આવવો, ગરમ અને સુકી ત્વચા, નાડીના ધબકારા વધવા, ઝાડા ઉલટી જેવું થવું, ચક્કર આવવા વગેરે જણાય તો ૧૦૮ પર કોલ કરી તરત જાણ કરવી કે નજીકના આરોગ્ય સેન્ટર પર સંપર્ક કરવો. ગરમી સામે રક્ષણ મેળવવા ઉચિત પગલા લેવાં અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક યાદીમાં અનુરોધ કરતા જણાવ્યુ છે.

# રાજકોટ જય હનુમંત ભક્તિમાં ઓળઘોળ : વાજતે ગાજતે શોભાયાત્રા : દાદાનો જય જય કાર

## ૧૦૦૮ કાર-બાઈકના કાફલા સાથે સાંજે શોભાયાત્રા યોજાઇ શેરીએ શેરીએ દાદાના મંદિરોમાં અનેરા શણગાર : પાઠ-પૂજા-પ્રસાદ સાથે બટુક ભોજન, સુંદરકાંડના પાઠના આયોજનો

રાજકોટ,

હનુમાન જયંતી નિમિતે રાજકોટ દાદાની ભક્તિનમાં ઓળઘોળ બન્યુ છે. શહેરભરમાં આવેલ દાદાના મંદિરોને અનેરા શણગાર સાથે સવારથી જ પાઠ-પૂજા-આરતી અને પ્રસાદના સુંદરકાંડના પાઠના આયોજનો થયા હતા

ભુપેન્દ્રરોડ ખાતેના શ્રી બાલાજી મંદિરે આજે ૫૧ કુંડી મહામારૂતિ યજ્ઞ યોજી ધ્વજાઆરોહણ કરાયુ હતુ. સાંજે મહાઆરતી આતશબાજીના કાર્યક્રમો આયોજીત કરાયા છે. દરમિયાન શ્રી ફાઉન્ડેશન અને શેર વીથ સ્માજઈલ એનજીઓ સહીતની સંસ્થાઓના સંયુકત ઉપક્રમે આજે ૧૦૦૮ કાર અને બાઇકના કાફલા સાથે વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયુ છે. જેને સાંજે ૪.૩૦ વાગ્યે ચૌધરી હાઈસ્કુ?લ ખાતેથી પ્રસ્થારન કરાવવામાં આવેલ. અહીંથી ત્રિકોણબાગ, કોર્પોરેશન ચોક, મકકમ ચોક, ગોંડલ રોડ, આનંદ બંગલા ચોક, મવડી, બાલાજી હોલ, નાનામવા સર્કલ, મોકાજી સર્કલ થઇ સ્પડવેલ ચોક ખાતે સમાપન થશે.

એજ રીતે શ્રી બડા બજરંગ મિત્ર મંડળ દ્વારા પણ હનુમાનજી મહારાજની નગરયાત્રાનું આયોજન કરાયુ છે. આ યાત્રા શ્રી બડાબજરંગ હનુમાનજી મંદિર રામનાથપરા-૧૬ ખાતેથી પ્રારંભ થઇ ગરૂડની ગરબી ચોક, વિરાણી વાડી રોડ, હાથીખાના મેઇન રોડ, કેનાલ રોડ, ગુંદાવાડી પોલીસ ચોકી ચોક, પેલેસ રોડ , કરણપરા ચોક, પ્રહલાદ મેઇન રોડ થઇ ભુપેન્દ્ર રોડ શ્રી બાલાજી હનુમાન મંદિરે સમાપન થયું હતું બડા બજરંગ દાદાની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા રામનાથપરાના બડા બજરંગ દાદાના મંદિરેથી સાંજે પાંચ વાગે આરંભાશે. શોભાયાત્રામાં ૬૧ ફલોટસ સામેલ થશે. જય હનુમાનજીનો નાદ ગુંજી ઉઠશે. શોભાયાત્રા વિવિધ રાજમાર્ગો પરથી પસાર થઇને સ્પીડવેલ પાર્ટી પ્લોટ ચોક ખાતે સંપન્ન બાલ બટુક હનુમાનજી મંદિર ૧/૬ વાણિયાવાડી ખાતે આજે હનુમાનજી મહારાજની જન્મ જયંતિ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાઇ રહ્યો છે. સાંજે ૭ વાગે મહાઆરતી, મહાપ્રસાદનું આયોજન થયેલ પ્રહલાદ પ્લોટ, કેનાલ રોડ કોર્નરે બિરાજતા રંગીલા હનુમાનજી મંદિરે આજે મહાઆરતી બાદ મહાપ્રસાદનું આયોજન બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, કાલાવડ રોડ સ્થિત વિશ્ર્વ વંદનીય પૂ. પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત શ્રી સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે મહાઆરતી, ભજન, ભકિત તથા સાંજે ૭ વાગે હનુમાન પૂજન કરવામાં આવશે. દિવસ દરમ્યાન હનુમાનજીનો પ્રસાદ દરેક દર્શનાર્થીઓને વિતરણ થયું હતું કોઠારીયા કોલોનીના ગરબી ચોકમાં આવેલ મોજીલા હનુમાનજી મંદિરે સવારે ધજારોહણ કરવામાં આવેલ. આખો દિવસ છાસ-સરબતનું વિતરણ કરાશે. મંદિરને પુષ્પ શૃંગાર, ધજા પતાકાથી શણગારવામાં આવેલ છે હનુમાન ચાલીસાના પાઠ તથા બટુક ભોજનનું આયોજન સામાકાંઠે પેડક રોડ ખાતે આવેલ બાલક હનુમાન મંદિરે આજે સવારે ૪ વાગ્યે મંગળા આરતી, સવારે ૮ વાગે હોમ હવન તથા ૧૦થી ૧ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. જેનો લાભ મોટી સંખ્યામાં ભકતોએ લીધો હતો. આજે સાંજે ૮.૩૦ કલાકે મહાઆરતી, સાંજે પાંચ વાગ્યાથી રક્ષા દોરી વિતરણ કરાશે. ઉપરોકત કાર્યક્રમમાં સાધુ-સંતો, ધાર્મિક સંસ્થાના વડાઓ, સામાજિક કાર્યકરો, રાજકીય આગેવાનો અને વિશાળ સંખ્યામાં ભાવિકોની અવર જવર રહી છે. ભવ્યાતિત સુશોભન તથા રોશનીનો શણગાર કરવામાં આવેલ રામદૂત હનુમાનજી મહારાજના જન્મ વધામણાનાં અવસરે સમગ્ર રાજકોટ હનુમાન ભકિતમાં ગરકાવ બન્યું છે.જય હનુમાન જ્ઞાન ગુણસાગર : રામભકત હનુમાનજી મહારાજનો આજે ચૈત્ર સુદ પુનમના પ્રાગટોત્સવ છે. રાજકોટમાં હનુમાનજી મહારાજના મંદિરો અને દેરીઓની સંખ્યા ચાર હજારથી વધારે છે. આજે દરેક સ્થાનો પર મહાઆરતી, મહાપ્રસાદ તથા બટુક ભોજન સહિતના વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો ચાલી રહ્યા છે. આજે બે સંસ્થાઓ દ્વારા શોભાયાત્રાનું આયોજન પણ કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામા ભાવિકો જોડાયા હતા જનીના જાયા અને પવનપુત્ર શ્રી હનુમાનજી મહારાજની આજે જન્મ જયંતી છે. શહેરભરમાં તેમના જન્મોત્સનવને વધાવવા ધર્મમય આયોજનો થયા છે. રાજકોટ આખુ હનુમાનભક્તિયમાં ઓળઘોળ બન્યુ હોય તેમ શેરીએ શેરીએ અને મંદિરે મંદિરે દાદાના જન્મોત્સવ નિમિતે પાઠ - પૂજા, આરતી - પ્રસાદના આયોજનો થયા છે. ઠેરઠેર ગુંદી ગાંઠીયાના પ્રસાદ બાળકો માટે બટુક ભોજનના આયોજનો થયા વહેલી સવારથી ગુંજવા લાગી છે. શહેરના સુપ્રસિધ્ધ એવા શ્રી કરણસિંહજી સ્કુલના પ્રાંગણમાં બિરાજતા શ્રી બાલાજી હનુમાનજી મંદિરે જ ભાવિકોએ દર્શન માટે કતારો લગાવી હતી. દાદાને અનુપમ શણગાર કરી દર્શન સાથે પાઠ પૂજા અને હવન સહીતના કાર્યક્રમો આયોજીત થયા હતા


તસવીર : દિલિપ ગોહેલ

# રાજકોટમાં ઉનાળાની ઋતુમાં ગોલાના ધંધાર્થીઓ પર ફુડ શાખાના દરોડાઃ ૨૧૮ કિલો પડતર રબડીનો નાશ

## ગોલાના ૧૨ ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ : બે સ્થળોએથી ૩ નમૂના લેવાયા : પાંચને લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ''ફૂડ પોસ્ટ'', ૧૫૦ ફૂટ રિંગ રોડ, અમીન માર્ગને છેડે, ગિરિરાજ હોસ્પિટલ સામે, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર સ્ટોર રૂમમાં સંગ્રહ કરેલ જીવાત વાળો લોટ ૪૫ કિ.ગ્રા., ફ્રીઝમાં રાખેલ સલાડ, ગ્રેવી ૫ કિ.ગ્રા. તથા એકસપાયરી થયેલ બેકરી પ્રોડકટસ ૫ કિ.ગ્રા. વાસી અખાદ્ય જણાતા કુલ મળીને ૫૫ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

ઉનાળાની સિઝનને અનુલક્ષીને કરવામાં આવેલ આઈસ ગોલા વેચાણ કરતાં એકમોના ચેકિંગ ડ્રાઈવ અંગે ફૂડ વિભાગ દ્વારા કુલ-૧૨ એકમોની તપાસ કરવામાં આવેલ તેમજ બરફ ગોલામાં ઉપયોગ કરવામાં આવતી પડતર રહેલ



માવાની રબડીનો કુલ ૨૧ કિ.ગ્રા. જથ્થો નાશ કરવામાં આવેલ તથા બરફ ગોલાના ફલેવર સીરપના કુલ -૦૩ નમૂના લેવામાં આવ્યા હતા. જેમાં (૧)આઝાદ હિન્દ ગોલાવાળા (ત્રિકોણ બાગ પાસે) -પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ (૨)રામ ઔર શ્યામ ગોલાવાલા (પેલેસ રોડ) - પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ (૩)ગાત્રાળ આઈસગોલા (બોલબાલા માર્ગ) - પડતર રહેલ માવાની રબડી ૦૩ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ (૪)રામ ઔર શ્યામ ગોલાવાલા (ભકિતનગર સર્કલ, ભકિતનગર રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા હાઈજેનિક કન્ડિશન જાળવવા અંગે નોટિસ (૫)રામ ઔર શ્યામ ગોલાવાલા (વીરભગતસિંહ શોપિંગ સેન્ટર, કોઠારીયા રોડ)- પડતર રહેલ માવાની રબડી ૦૫ કિ.ગ્રા. નો નાશ તથા લાઈસન્સ મેળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ છે.આ ઉપરાંત રામકૃપા ગોલાવાલા (બોલબાલા માર્ગ) ,ગોરબંદ ગોલા (કનૈયા ચોક, રૈયા રોડ), સહજાનદ ગોલા (રૈયા રોડ), સંગમ ગોલા (રૈયા રોડ), જય ભવાની ગોલા (કાલાવડ રોડ, મહિલા કોલેજ ચોક), રામ ઔર શ્યામ ગોલાવાલા (કાલાવડ રોડ) સંગમ ગોલા (યુનિવર્સિટી રોડ) ની ચકાસણી કરવામાં આવી હતી.

# કેન્દ્ર સરકારની નાના-મોટા ઉદ્યોગના વિકાસ માટેની અનેકવિધ પ્રોત્સાહક યોજનાઓ થકી ધંધા-ઉદ્યોગક્ષેત્રે વિકાસ વેગવંતો બન્યો છે : પરશોતમભાઈ રૂપાલા

## વાંકાનેર–બામણબોર બાઉન્ડ્રી નેશનલ હાઈવે ઈન્ડસ્ટ્રીયલ એસો.ના યોજાયેલ સ્નેહમિલનમાં પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિ

રાજકોટ

વાંકાનેર તાલુકાના જાલીડા ગામ ખાતે ફોરેક્ષ ગ્રુપ ઓફ કંપની ખાતે વાંકાનેર–બામણબોર બાઉન્ડ્રી નેશનલ હાઈવે ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના ઉપક્રમે સંસ્થાના સભાસદ ઉદ્યોગકારોનું એક સ્નેહમિલન યોજવામાં આવેલ હતું. જેમાં ૧૦૦થી વધુ ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે વાંકાનેર–બામણબોર નેશનલ હાઈવે ઉપર સ્પીનીંગ ઉદ્યોગ, પેકેજીંગ ટેબલવેર પ્રોડકટસ સહિત ૧૦૦થી વધુ ઉદ્યોગોના યુનીટ કાર્યરત છે. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી



આપી હતી. તેમણે આ તકે જણાવેલ કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉદ્યોગોના વિકાસ અને પ્રોત્સાહન માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.જેનાથી નાના–મધ્યમ– સૂક્ષ્મ ઉદ્યોગોને પણ લાભ મળ્યો છે. ત્યારે દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના છેલ્લા ૧૦ વર્ષના લોકોપયોગી કાર્યોને ધ્યાનમાં લઈને ભાજપના સમર્થનમાં સો ટકા મતદાન કરાવવા અપિલ કરેલ હતી. આ તકે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય કાંતીભાઈ અમૃતીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, એસો.ના પ્રમુખ ગૌતમભાઈ ધમસાણીયા, સેક્રેટરી અપૂર્વભાઈ ઝાલાવડીયા, દેવાંગભાઈ ખીરસરીયા, ભુપતભાઈ સંતોકી અને એસોસીએશનના સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટની સદર બજાર કૃષ્ણ ચોકમાં તીનપતીનો જુગાર રમતા ચાર પકડાયા



રાજકોટ,

રાજકોટ સદર બજાર મેઈન રોડ કૃષ્ણ ચોકમાં પ્રધ્યુમન નગર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા ચાર શખ્સોને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ સદર બજાર મેઈન રોડ પર કૃષ્ણપ ચોકમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની પ્ર.નગર પોલીસ મથકના એ.એસ.આઈ. સી. એમ. ચાવડા તથા કોન્સ. તુલશીભાઈ ચુડાસમાને બાતમી મળતા કૃષ્ણ ચોકમાં દરોડો પાડી જાહેરમાં તીનપતીનો જુગાર રમતા ગવલીવાડના નજીર સલીમભાઈ દલવાણી, સદર બજારના હારૂન હનીફભાઈ દલ, સદર બજાર ખાટકી વાસના સતાર બચુભાઈ કટારીયા અને સદર બજારના શાહબુદીન અબ્દુનલભાઈ શેખને પકડી લઈ રૂા. ૧૩૪૫૦ની રોકડ સહિતની મત્તા કબજે કરી કાર્યવાહી કરી હતી.

આ કામગીરી પી.આઈ. બી. એમ. ઝણકાટ તથા પી.આર. ડોબરીયાના માર્ગદર્શન પી.એસ.આઈ.બી. વી. ચુડાસમા, એ.એસ.આઈ. સી. એમ. ચાવડા, હેડ કોન્સય. ધર્મેશભાઈ ડાંગર, તુલશીભાઈ ચુડાસમા, કોન્સ. ઈમરાનભાઈ ચુડાસમા, અંકીતભાઈ નીમાવત, હર્ષરાજસિંહ જાડેજા, જયેન્દ્રસિંહ પરમાર, ધર્મેશભાઈ મોણપરા, પ્રતિકસિંહ રાઠોડ તથા બ્રીંદાબેન ગોહેલ દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વેંચતા વધુ ૧૦૫ વેપારીઓ દંડાયા

## ૭.૧૬૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક ઝડપાયુઃ ગંદકી કરનારને રૂ. ૨૫ હજારનો દંડ વસૂલાયો

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લા.સ્ટિકક વેસ્ટ મેનેજમેન્ટઃ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે ત્રણેય ઝોન વિસ્તાોર અલગ અલગ મુખ્ય્ માર્ગો પર સોલીડ વેસ્ટ્ મેનેજમેન્ટઃ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૨ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૫ આસામીઓ પાસેથી ૭.૧૬૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લા્સ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૫૦૦૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યોા હતો. આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૪ આસામીઓ પાસેથી ૨.૩૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૭૦૫૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

જયારે વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૯ આસામીઓ



પાસેથી ૩.૯૬૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૨,૪૦૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. આ ઉપરાંત ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૦.૮૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૫૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# રાજકોટના મહાપુજાધામ ચોક પાસે કાર સાથે બુલેટ અથડાતાં કાર ચાલક પર હુમલો : કારમાં તોડફોડ કરી

## કાર ચાલક ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકની ચાર શખ્સો સામે માલવીયાનગર પોલીસમાં ફરીયાદ

રાજકોટ,

રાજકોટના દોઢસો ફુટ રીંગ રોડ પર મહાપુજાધામ ચોક પાસે કાર સાથે બુલેટ અથડાવી કાર ચાલક સાથે ચાર અજાણ્યા શખ્સોએ ડખ્ખો કરી ગાળો આપી કારમાં તોડફોડ કર્યાની ફરીયાદ થઈ છે.

મળતી વિગત મુજબ મનહર પ્લો?ટ શેરી નં. ૧૫ માં રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ ફલેટ નં. ૩૦૨માં રહેતા દર્શન મનીષભાઈ જયસ્વા લ (ઉ.૨૩) એ માલવીયાનગર પોલીસ મથકમાં ચાર અજાણ્યા શખ્સો સામે ફરીયાદ થઈ છે. દર્શને ફરીયાદમાં જણાવ્યું છે કે પોતે દોઢસો ફુટ રોડ પર પુનીતગનર સર્કલ પાસે મનીષ ટુર્સ એન્ડે ટ્રાવેલ્ર્સ નામે ઓફીસ ધરાવે છે. તા. ૧૯ ના રોજ પોતે પોતાના ઘરેથી જીજે-૩ જેઆર ૮૦૭૩ નંબરની કાર લઈને નીકળ્યાં બાદ પોતે મહાપુજા ધામ ચોક પાસે પહોંચતા પોતાની આગળ એક બુલેટ પર બે શખ્સો આવતા પોતાની ગાડીના ડ્રાઈવરની બાજૂની સાઈડમાં બુલેટ અડી જતા પોતે કાર ઉભી રાખી કારનો કાચ ખોલી બુલેટના ચાલકને કહેલ કે શુ તકલીફ છે? મારી ગાડી સાથે તમે જાણી જોઈને તમારૂ બુલેટ કેમ અથડાવ્યું તેમ કહેતા બુલેટ પર બેઠેલા બંને શખ્સો પોતાની પાસે આવી બોલાચાલી કરવા લાગ્યા હતાં. દરમ્યા ન એક એકટીવા પર બે શખ્સો આવ્યા અને ચારેય પોતાની સાથે ઝઘડો કરી ગાળો આપી કારની ડાબી બાજૂનો દરવાજાનો કાચ ફોડી નાખ્યોસહતો. અને ઉશ્કે રાઈ જઈ પોતાને ઢીકાપાટુનો માર માર્યો હતો અને એક શખ્સે કારના બોનેટ પર ચઢીને ધોકો ફટકારી આગળનો કાચ અને ડ્રાઈવર સાઈડની હેડ લાઈટ તોડી નાખી હતી. અને દરવાજાને પાટા મારી તુ બહાર નીકળ તેમ કહી ગાળો આપતા હતાં. દેકારો બોલતા આસપાસના લોકો એકઠા થતા ચારેય શખ્સો ભાગી ગયા હતાં. આ બનાવ અંગે પોતે માલવીયાનગર પોલીસમાં ફરીયાદ નોંધાવતા એએસઆઈ પી. એન. પરમારે તપાસ હાથ ધરી હતી.

# રાજકોટની લોધેશ્વર સોસાયટીમાં પત્નિ સાથે ઝઘડો થતાં પતિએ ઝેર પીધું : સારવારમાં દાખલ

રાજકોટ

રાજકોટની લોધેશ્વર સોસાયટીમાં રહેતો રોહિત સુરેશભાઈ ગઢીયા (ઉ.વ.૩૦) સાંજે ઝેરી દવા પી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂએ માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.રોહિત બે ભાઈમાં નાનો છે અને સંતાનમાં એક પુત્રી છે. પોતે સિવિલ હોસ્પિટલમાં કોન્ટ્રાક્માં નોકરી કરે છે. પત્નિ વૈશાલી સાથે ચડભડ થતાં માઠુ લાગી જતાં દવા પી લીધાનું તેના પરિવારજનોએ કહ્યું હતું. પોલીસે નિવેદન લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**CHANG OF NAME**

"I have undersigned that I have changed my name from PAMBHAR GAURAVKUMAR HASMUKHLAL to **PAMBHAR GAURAVBHAI HASMUKHBHAI** Now I will be known by new name **PAMBHAR GAURAVBHAI HASMUKHBHAI**

# બાળકોને તેમની રસ રૂચિ મુજબ ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ઘડવા વાલીઓએ સહયોગ આપવો જોઈએઃ પરશોતમભાઈ રૂપાલા

## પરશોતમભાઈ રૂપાલાની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં ખોખડદળ ગામ સ્થિત રીવર સાઈટ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા વાલી સંમેલન યોજાયું

રાજકોટઃ

ખોખડદળગામ ખાતે આવેલ રીવર સાઈટ ઈન્ટરનેશનલ સ્કુલમાં શાળાના બાળકોના વાલીઓ માટે પ્રેરણાદાયી વાલીનો વાર્ષકિ સેમીનાર રાખવામાં આવ્યો હતો. આ સેમીનારમાં કેન્દ્રીય પશુપાલન મંત્રી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહયા હતા, તેમણે આ તકે જણાવ્યુ કે વાલીઓએ બાળકોને વિદ્યાશાખા પસંદ કરવા માનસિક દબાણ ન કરવુ જોઈએ બાળકોને તેમની રસ રૂચિ મુજબ શૈક્ષણિક કારકિર્દી ઘડવા અનુરોધ કર્યો હતો.તેમણે આ તકે ૧૦ વર્ષમાં દેશના યશસ્વી વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિવિધ ક્ષેત્રે કરાયેલા વિકાસના કામોને ધ્યાને રાખીને ૧૦૦ ટકા મતદાન થાય તે માટે અનુરોધ કરેલ હતો. આ વાલી સંમેલનમાં જાણીતા વકતા અને ટ્રેઈનર શ્રી શૈલેષભાઈ સગપરીયા ધ્વારા હોલીસ્ટીક વેલીનેસ ફોર હેપીનેસ વિષય ઉપર વકતવ્ય આપવામાં



આવ્યુ હતુ. પ્રારંભમાં સ્વાગત પ્રવચન સંસ્થાના ટ્રસ્ટીશ્રી બાબુભાઈ નસીતે કરેલ હતુ. મહેમાનોનુ ફુલહારથી સ્વાગત સંસ્થાના ડાયરેકટર ભરતસિંહ જાડેજા અને પ્રિન્સીપાલ શ્રી દિનેશભાઈ સોયાએ કરેલ હતુ.

આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સભ્ય રામભાઈ મોકરીયા, પૂર્વ મંત્રી અરવિંદભાઈ રૈયાણી, પૂર્વ ધારાસભ્યશ્રી લાખાભાઈ સાગઠીયા, અગ્રણીઓ ચેતનભાઈ રામાણી, પરશોતમભાઈ સાવલીયા, નીતિનભાઈ ઢાંકેચા, નરેન્દ્રસિંહ જાડેજા, સંજયસિંહ રાણા, ચેતનભાઈ કથીરીયા, પ્રકાશભાઈ કાકડીયા, વલ્લભભાઈ મકવાણા, સંજયભાઈ ત્રાપસીયા, ભરતભાઈ મકવાણા, સંજયભાઈ ખુંટ, અભીતભાઈ ખુંટ, ભાષ્કરભાઈ જસાંણી, વલ્લભભાઈ ખુંટ, ગોવિંદભાઈ, સંજયભાઈ મોલીયા, અજીતભાઈ ગમારા, મનસુખભાઈ સરધારા, ભરતસિંહ જાડેજા, હંસરાજભાઈ પીપળીયા, ભીમજીભાઈ કલોલા, રાજુભાઈ કળસરીયા, જયેશભાઈ કોટડીયા, વિવેકભાઈ વીરડીયા, ઘનશ્યામભાઈ ભુવા, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહયા હતા.

# રાજકોટની ઘંટેશ્વર ચોકડી પાસેથી દારૂ સાથે એક પકડયો

રાજકોટ,

રાજકોટ ઘંટેશ્વર એસઆરપી કેમ્પી સામે વર્ધમાનનગર વી-૮૮ બંગલા સામે સમય એપાર્ટમેન્ટૂ ફલેટ નં. ૧૦૪માં રહેતાં કેયુર નીતીનભાઈ સંઘવી (ઉ.વ.૨૭)ને ઘંટેશ્વર ચોકડી પાસેથી વિદેશી દારૂના જથ્થવ સાથે ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો હતો.ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાસરે કોન્સં. હરપાલસિંહ જાડેજા અને મહેશભાઈ ચાવડાને મળેલી બાતમી પરથી કેયુર સંઘવીને પકડી લઈ રૂા. ૪૮૦૦૦ના ઓલ સીઝન વ્હીસ્કીનના ૪૮૦ પાઉચ, એઈટ પીએમ વ્હીસ્કી ના ૧૮૦ એમએલના ૧૯૨૦૦ના ૧૯૨ પાઉચ મળી ૬૭૨૦૦નો દારૂ કબ્જે લેવાયો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી



ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અનુસાર પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એ. એસ. ગરચર, હેડકોન્સસ. અનિલભાઈ સોનારા, કોન્સી. મહેશભાઈ ચાવડા, હરપાલસિંહ જાડેજા અને હરદેવસિંહ રાણાએ આ કામગીરી કરી હતી. આ શખ્સ દારૂ ક્યાંથી લાવ્યો.? તે અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## સાયબર સિક્યુરિટી માટે જનજાગૃતિ

એક સમયે બેંકની બહાર ધાડપાડુઓ ઉભા રહેતા અને કોઈ સિનિયર સિટીઝન કે અન્ય કોઈ વ્યક્તિના હાથમાંથી પૈસા ભરેલી થેલીને ઝૂંટવીને ભાગી જતા. આવા ગુનેગારો પકડાઈ જતા પરંતુ વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં અદ્રશ્ય ધાડપાડુ દરિયા પાર ના દેશોમાં બેઠા હોવા છતાં તમારું બેન્ક એકાઉન્ટ સફા ચટ કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે અને પહોંચી વળવા માટે સરકાર દ્વારા આરબીઆઇ અને વિવિધ બેંકો દ્વારા સાયબર સિક્યુરિટી સામે જનજાગૃતિ માટે પ્રયાસો થાય છે જેની આજે ખાસ જરૂર છે જેથી સામાન્ય માનવી બેંકના એકાઉન્ટનું પ્રોટેક્શન કરી શકે. વિજ્ઞાન અને ટેકનોલોજી ના વિકાસને કારણે આર્થિક વ્યવહાર એકદમ સરળ બની ગયા છે કોઈપણ માણસ આજે ડિજિટલ ટેકનોલોજી નો ઉપયોગ કરીને બેન્કિંગ વ્યવહાર કરી શકે છે પણ આ સરળતાને કારણે જ આ નવી આધુનિક સિસ્ટમમાં ફ્રોડ થવાની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે જે ચિંતાનો સૌથી મોટો વિષય છે

ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. વપરાશકર્તાના સંતોષને વધારવા તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઈનો ઉપયોગ કરાશે તેમ કેશફ્રી પેમેન્ટ્સના સીઈઓ આકાશ સિન્હાએ જણાવ્યું હતું.

ભારતમાં ડિજિટલ પેમેન્ટ્સની વૃદ્ધિને - કોણ આગળ લઈ જઈ રહ્યું છે? આ સેક્ટરના મહત્ત્વના ટ્રેન્ડ્સ પણ જણાવો. યુપીઆઈ અને ક્યુઆર કોડ જેવી સરકારી પહેલોએ ઓનલાઇન ડિજિટલ વ્યવહારો અપનાવવા માટે પ્રોત્સાહન આપ્યું છે અને ફિનટેક ક્ષેત્રને ફૂલવાફાલવા માટે સાનુકૂળ માહોલ પૂરો પાડ્યો છે જેના લીધે સમગ્ર ઇકોસિસ્ટમ વધુ સમાવેશક બની છે. ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના કિસ્સા વધ્યા છે ત્યારે ભારતીય વ્યવસાયો સાયબર સિક્યોરિટી પર વધુ ભાર મૂકી રહ્યા છે. આના લીધે કેવાયસી વેરિફિકેશન, રિસ્ક મેનેજમેન્ટ સિસ્ટમ અને તેના સંબંધિત પગલાં લેવાયા છે. આખરે, વપરાશકર્તાના સંતોષને વધારવા- તથા નિર્ણયો લેવાની પ્રક્રિયાને સરળ બનાવવા માટે કંપનીઓ દ્વારા એઆઇનો ઉપયોગ કરાશે.

ગ્રાહકોમાં વિશ્વાસ કેળવવા માટે ડિજિટલ સિક્યોરિટી કેવી રીતે સુનિશ્ચિત થઈ શકે? સુરક્ષિત અને સલામત ડિજિટલ વ્યવહારો માટે ઇકોસિસ્ટમને બનાવવી તથા સતત મજબૂત કરવી અનિવાર્ય છે. ભારતીય ફિનટેક કંપનીઓએ રિસ્ક મેનેજમેન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જે છેતરપિંડીભર્યા વ્યવહારો મેનેજ કરવા તથા નિયંત્રણ લાવવા તેમજ સાયબરક્રાઈમને નાથવા માટે વ્યવસાયોને સશક્ત બનાવે. વાસ્તવમાં, એઆઈ અને મશીન લર્નિંગ (એમએસ) ઇન્ટિગ્રેશન્સે છેતરપિંડીને પકડી પાડવામાં, નાણાંકીય નુકસાન ઘટાડવા તથા ગ્રાહકોનો વિશ્વાસ વધારવામાં સફળતા મેળવી છે. આવી સિસ્ટમ્સનો લાભ લઈને ઇન્ટેલિજન્ટ સોલ્યુશન્સ ઊભા કરવા જોઈએ જેથી ઊભરતી સલામતીની

## વિશેષ

# કેટલો હોય છે સાંસદોનો પગાર, કઈ કઈ સુવિધાનો ઉઠાવી મળે છે લાભ ?

### સાંસદને એક પાસ પણ આપવામાં આવે છે જેની મદદથી તે કોઇ પણ સમયે રેલ્વેમાં મફત મુસાફરી કરી શકે છે



પ્રજાના પ્રતિનિધિ તરીકે પાર્લમેન્ટમાં બેસતા સાંસદો સરકારમાંથી અનેક ભથ્થા મેળવી રહ્યાં છે. એક સંસદસભ્ય જ્યારે ચૂંટાઇને પાર્લમેન્ટમાં પ્રવેશ કરે છે ત્યારે તેમને મહિને ઓછામાં ઓછાં ૩.૪૦ લાખ રૂપિયાનો પગાર અને ભથ્થાં મળતા હોય છે. સંસદના સત્રમાં હાજરી આપવા દૈનિક ૨૦૦૦ રૂપિયા અપાય છે. એટલું જ નહીં, સાંસદોનો પગાર દર પાંચ વર્ષે વધે છે. તેઓ કાર્યકાળ માટે ભાડામુક્ત આવાસની સુવિધા પણ મેળવે છે.

તેમનો પગાર અને ભથ્થાં ટેક્સ ફ્રી હોય છે. આ સાંસદ જ્યારે નિવૃત થાય છે તેઓ અને તેમનું ફેમિલી પેન્શન મેળવવા હક્કદાર બને છે જેની રકમ સાંસદના કાર્યકાળ પ્રમાણે પ્રતિ માસ ૨૫ હજારથી ૩૯ હજાર રૂપિયા સુધી હોય છે. સાંસદને દર મહિને ૭૦ હજાર રૂપિયા લોકસભા વિસ્તારના ભથ્થાના રૂપમાં મળે છે. આ સિવાય સાંસદને દિલ્હી સ્થિત પોતાના ઘર કે દિલ્હીની ઓફિસમાં ટેલિફોન લગાવવા પર કોઇ ચાર્જ આપવો પડતો નથી, તેને ૫૦ હજાર ફ્રી લોકલ કોલની સુવિધા મળે છે. સાંસદને દર મહિને ઓફિસ ખર્ચ ભથ્થા તરીકે ૬૦ હજાર રૂપિયા મળે છે.

એક સાંસદને એક પાસ પણ આપવામાં આવે છે જેની મદદથી તે કોઇ પણ સમયે રેલ્વેમાં મફ્ત મુસાફરી કરી શકે છે. આ પાસ કોઇ પણ ટ્રેનની ફર્સ્ટ ક્લાસ એસી અથવા એક્ઝિક્યુટિવ ક્લાસમાં માન્ય ગણાય છે. કામ માટે વિદેશ પ્રવાસ કરવા પર પણ સાંસદને ભથ્થુ આપવામાં આવે છે. ટિકિટની સુવિધા વિદેશથી પરત આવવા પર પણ મળે છે. આ સિવાય તેને મેડિકલ ફેસિલિટી પણ મળે છે.

# લેપટોપ, માઉસ, કેબલ્સ, પીન્સ, મોબાઈલ ફોન, જેવી ચીજ વસ્તુઓનો નાશ સાપના ઝેર સમાન

## કરંટ ટોપિક

### દૈનિક ૧ લાખથી વધારે મોબાઈલ સિવાયનો ડિજિટલ કહેવાતા ડિવાઈસનો વાર્ષિક સ્ક્રેપ ૩૦ ટનથી પણ વધારે નીકળે છે



સોફ્ટવેર અપડેટની આખી શૃંખલા સમયાંતરે આવે છે ત્યારે ફોન નવો લીધો હોય એવી ફિલિંગ્સ આવે છે, પણ જ્યારે ફોન નવો લેવાનો હોય ત્યારે? હૈયામાં વગર ચોમાસે સૂનામી આવે એટલી ઊંચાઈએથી ઉત્સાહના ઘોડા થનગનતા હોય છે તો ક્યારેક એવું બને છે કે, દુકાનદાર જૂનો મોબાઈલ લઈ લે અને એના બદલામાં નવો આપે. એ પણ કેટલાક પૈસા કાપીને. સમગ્ર દેશમાંથી આ પ્રકારે જે ધંધો થાય છે એમાં દૈનિક ધોરણે કેટલાં મોબાઈલ દરરોજ સ્ક્રેપ-ભંગાર ભેગો થતાં હશે? એક સર્વે અનુસાર દૈનિક ૧ લાખથી વધારે મોબાઈલ સિવાયનો ડિજિટલ કહેવાતા ડિવાઈસનો વાર્ષિક સ્ક્રેપ ૩૦ ટનથી પણ વધારે નીકળે છે. ખાસ કરીને કોરોના કાળ બાદ આવા સ્ક્રેપમાં નેટ ૧૯ ટકાનો વધારો થયો, કારણ કે, ઓનલાઈન પ્લેટફોર્મ આવતા ડિવાઈસ નિર્ભરતા વીજ સપ્લાયમાં વોલ્ટેજ ઘટે એમ એકાએક ઘટી જાય.

ડિજિટલ વેસ્ટ એટલે કે માત્ર ડિવાઈસ વેસ્ટને લઈને સ્ક્રેપના આંકડા પર નજર કરીએ તો આઘાત લાગે એવું પરિણામ છે. ઈન્ટરનેટની જાદુઈ દુનિયા પાછળ કાંટા ઊભા કરતો કચરો પર્યાવરણ માટે પણ જોખમી સાબિત થઈ રહ્યો છે. લેપટોપ, માઉસ, કેબલ્સ, પીન્સ, મોબાઈલ ફોન, સ્ક્રિન ગાર્ડ, ઈયરબડ્સ, બડ્સની કેપ જેવી ચીજ વસ્તુઓનો નાશ સાપના ઝેર સમાન છે. ડાયરેક્ટ નાશ કરવા જાય તો પર્યાવરણ બગડે અને તોડફોડ કરીએ તો એ બીજાને પણ નુકસાન પહોંચાડે.

આ દિશામાં જર્મનીના એક આઈટી પ્રોફેશનલ્સ ગ્રૂપે એક ઈનોવેશન કર્યું છે. આ એવું ઈનોવેશન- એક એવી નવીનતા છે, જેને રિસાઈકલ કરવાની જરૂર નથી. થોડું કાપકૂપ કરીને ડાયરેક્ટ યુઝ કરી શકાય છે. ખરાબ થઈ ગયેલા માઉસ-પેડથી., જેના વાયર કટ કરીને ઘરમાં નાની એવી જગ્યા પર વરગણી બનાવી શકાય. જેના પર નેપકિંધસ કે મહોતૂ સૂકવી શકાય. આ કેબલ્સ થોડા મજબૂત હોવાથી ભારે સામાન પેક કર્યો હોય તે એની પર ટ્વિસ્ટ વાયરથી લોક કરી શકાય. બધી વસ્તુ રિ-સાઈકલ થતી નથી, કારણ કે પ્લાસ્ટિક કે અન્ય મજબૂત કેમિકલ્સમાંથી બનતી વસ્તુ જ્યારે નાશ થાય ત્યારે નુકસાન તો કરે જ છે. ઝેર પોતાનો સ્વભાવ ન છોડે એમ આવાં કેટલાક ડિવાઈસનો કોઈ તોડ નથી. બસ, સ્માર્ટનેસ વાપરીને રિ-યૂઝ થાય તો ફાયદામાં. લેપટોપ ખરાબ થઈ જાય તો એની અંદરથી જે સારું છે એ કોઈ એસેમ્બલવાળાને આપી શકાયપ

જો સ્ક્રિન ગઈ હોય તો સ્ક્રિન અલગ કરીને એનો ટ્રે તરીકે યુઝ કરી શકાય. વસ્તુ પણ એના પર સ્મૂથ રહેશે અને લાગશે પણ કંઈક નવીન. આવું તો કેટલુંય છે, પણ જે રીતે આ કચરો વધે છે એ જોખમી છે. આ પાછળનું કારણ ઝડપથી અપડેટ થતી ટેકનોલોજી અને હાર્ડકોર યુઝેજ-વપરાશ છે.

આવો કચરો મોટા પ્રમાણમાં આફ્રિક્ધસ કંટ્રીમાં, જ્યાં શ્રમિકો વધારે છે અને એમના ખિસ્સાને આઈફોન જેવા ફોન પરવડે એમ નથી. આવા લોકો માટે સારી કંડિશનવાળા ડિવાઈસ કે લેપટોપ પણ મેકબૂક સમાન છે, કારણ કે, એટલા ગરીબ પ્રાંતમાં આ વસ્તુ પણ એમના જીવનધોરણને અપગ્રેડ કરે છે.

મોટી સંખ્યામાં ડેસ્કટોપ પડ્યા છે? એના સીપીયુ ખાસ કંઈ કામના નથી? તો કોઈ ભઠ્ઠીવાળાને ત્યાં આ લોઠું કામ આવી શકે છે. એની સામે કોઈ નાની એવી રેક કે કસરત માટેના રોડ (પાઈપ) બનાવી શકાય. નાના મોટા અને કસ્ટમાઈઝેશન તે ભઠ્ઠીવાળા જ કહી શકે. અત્યારે ઘણી એવી કંપનીઓ છે જે રિસાઈકલ પ્રોડક્ટમાં કંઈક નવા-જૂની કરીને નવી પ્રોડક્ટ તૈયાર કરે છે.

આમાં કેટેગરી વિચારીએ તો ગેલેક્સી જેવી ગેલેરી બની જાય. એક સત્તાવાર આંકડા મુજબ ૫૭ મિલિયન મેટ્રિક ટન માત્ર ડિજિટલ વેસ્ટ છે. જ્યારે ભારત જેવા દેશમાંથી વાર્ષિક ધોરણે ૧૦૦ ટન માત્ર આવા ડિવાઈસના બોક્સ સ્ક્રેપમાં આવે છે. ચલો, હવે મોબાઈલના બોક્સ તો તમારી પાસે પણ હશે. આનો ઉપયોગ રૂમાલ, મોજા અને કેશ સાચવવા માટે કરી શકાય. કેશ હોય તો એને વાળવા નહીં પડે એવી રીતે સચવાશે. વાળશો તો વધારે સચવાશે. હા, આ બોક્સને ચારેય બાજુથી સેલોટેપ્સ મારીને વધુ મજબૂત કરી શકાય છે.

આ ઉપરાંત લેડિઝ વર્ગ પોતાની ઝીણી ઝીણી જ્વેલરી કે ઓર્નામેન્ટ પણ મૂકી શકે છે. ઉપરથી બંધ થતા બોક્સ હોવાથી અંદર તૂટવાના ચાન્સ ઓછા રહે છે. આવી નવી વસ્તુ બનાવવાનો પણ એક રોમાંચ હોય છે. ક્રિએટિવિટીના કમાલના રિઝલ્ટ જોઈને અન્ય લોકો ચોંકશે એ નક્કી છે.

# સંકટ મોચન હનુમાનજી મહારાજના પરચા અપરંપાર

### હનુમાનજી મહારાજ ભગવાન શિવના રુદ્ર અવતાર છે દયાળુ દેવ છે પરંતુ તેની ભક્તિને ઉપાસના કરતી વખતે ચોક્કસ પ્રકારના નિયમોનું પાલન કરવું અતિ જરૂરી છે શનિદેવ પણ દયાવાન છે પરંતુ તે સાચા માણસોની સાથે!



હનુમાનજી મહારાજ રુદ્ર અવતાર છે તેઓ રામા અવતારમાં પણ હતા અને કૃષ્ણ અવતારમાં પણ હતા અને આજની તારીખે પણ તે ભક્તોના દુઃખ દૂર કરે છે. જરૂર છે માત્ર સાચા દિલથી તેની ભક્તિ કરવાની. તે ભક્ત વત્સલ છે. હનુમાન જયંતિના દિવસે માનવીએ અમુક ભૂલ ન કરવી જોઈએ નહીં તો બજરંગબલીની સાથે શનિદેવ પણ ક્રોધિત થઈ જશે.

હનુમાનજી મહારાજ ભાંગ્યાના ભેરુ છે સંકટ મોચન છે દયાળુ દેવ છે જ્યારે શનિદેવ ખોટા કપટી અને કાવા દાવા કરનાર માણસ વચ્ચે અતિશય કુરતાથી વર્તે છે. પરંતુ જે માનવી સાચા છે નિષ્ઠાવાન છે કોઈ પાસે કશું માંગતા નથી માત્ર પોતાની ફરજ નિભાવે છે અને દુઃખ સહન કરે છે પરંતુ સતનો માર્ગ મુકતા નથી તેવા લોકો માટે શનિદેવ અતિશય દયાળુ છે અને તેના પર પૂર્ણ કૃપા કરે છે શનિવાર બંને દેવો માટેનો સર્વોત્તમ વાર છે ભાવનગરમાં આવેલા રૂખડિયા હનુમાન મહારાજ એવા દેવ છે. જે ભક્તોની મનોકામના તુરત પૂર્ણ કરે છે રૂખડિયા હનુમાન મહારાજ ૪૫૦ વર્ષ થી અહીં બિરાજમાન છે અને તે વિરાસનમાં છે અહીં હનુમાનજી મહારાજને ગાંઠિયા ધરવામાં આવે છે રૂખડીયા હનુમાનના અનેક પરચાઓ પ્રસિદ્ધ છે.

હનુમાન જયંતિના દિવસે ઉપવાસ અને પૂજા કરવાથી ભક્તો મુશ્કેલી ચોક્કસ દૂર થાય ભક્તો સંકટ નિવારકના આશીર્વાદ મેળવે છે. પરંતું આ દિવસે ક્યા કામ કરવાથી બચવું જોઈએ તે જાણવું જરૂરી છે બાકી હનુમાનજી મહારાજની કથાઓ તો સૌ અનુભવી શકે છે પરંતુ તેની કૃપા મેળવવાના રસ્તા જાણવા આજની તારીખે ખાસ જરૂરી છે

હનુમાન જયંતિનો પવિત્ર તહેવાર ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઉજવવામાં આવશે. હનુમાનજીનો જન્મ ચૈત્ર શુક્લ પૂર્ણિમાના દિવસે થયો હતો અને તેથી જ દર વર્ષે આ તિથિએ હનુમાન જયંતિ ઉજવવામાં આવે છે.

સંકટમોચનની પૂજા કરવાથી ભક્તો તેમના આશીર્વાદ મેળવે છે, પરંતુ કેટલીક એવી પ્રવૃત્તિઓ છે જે તમારે આ દિવસે કરવાથી બચવું જોઈએ. જો તમે આ કામ કરો છો તો માત્ર હનુમાનજી જ નહીં પરંતુ શનિદેવ પણ તમારાથી નારાજ થઈ શકે છે.

હનુમાનજી બ્રહ્મચારી છે અને ભગવાન ઈચ્છે છે કે તેમના ભક્તો ખાસ દિવસોમાં તેમના જેવું વર્તન કરે. તેથી, જો તમે ઈચ્છો છો કે હનુમાનજી તમારાથી નારાજ ન થાય, તો તમારે હનુમાન જયંતિના દિવસે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. જો તમે ઈચ્છો છો કે હનુમાનજીના આશીર્વાદ તમારા પર વરસે તો હનુમાન જયંતિના દિવસે માંસ, દારૂ અને વેર વાળી વસ્તુઓનું સેવન ન કરો.

હનુમાન જયંતિના દિવસે તમારે તમારી આસપાસના વાતાવરણ અને મનને શુદ્ધ રાખવું જોઈએ અને ગુસ્સો કરવાથી બચવું જોઈએ. જો તમારા મનમાં કોઈના પ્રત્યે ખરાબ વિચાર આવે છે તો હનુમાનજી તમારાથી નારાજ થઈ શકે છે. આ દિવસે તમારે ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ. તમારે હનુમાનજીની પૂજા દરમિયાન ચરણામૃતનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ અને પૂજા સ્થાન પર હનુમાનજીની તૂટેલી પ્રતિમા અથવા ફાટેલી તસવીર પણ ન રાખવી જોઈએ.

જો તમે આ દિવસે તમારા માતા-પિતા, શિક્ષક અથવા વડીલોનું અપમાન કરો છો, તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી શકો છો. જો તમે આ દિવસે ભગવાન હનુમાનની પૂજા કરવા અથવા વ્રત રાખવા જઈ રહ્યા છો, તો ભગવાન રામનું ધ્યાન કરવાનું ભૂલશો નહીં. આ દિવસે હનુમાનજીની પૂજા કરવાની સાથે ભગવાન રામની પણ પૂજા કરવી જોઈએ. જો તમે આ દિવસે હનુમાનજીની મૂર્તિ રામજીની પૂજા નહીં કરો તો તમે હનુમાનજીના આશીર્વાદથી વંચિત રહી જશો.

હનુમાનજીએ એક વખત શનિદેવને રાવણના કેદમાંથી

## આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

મુક્ત કરાવ્યા હતા અને તેમના શરીરના દુખાવાથી રાહત મેળવવા માટે તેમના શરીર પર સરસવનું તેલ પણ લગાવ્યું હતું. આનાથી શનિદેવને ઘણી રાહત થઈ અને તેમણે હનુમાનજીને વચન આપ્યું કે, હું તમારા ભક્તો પર ક્યારેય ક્રૂર નજર નહીં નાખીશ અને તમારા કોઈપણ ભક્ત જે મને સરસવનું તેલ ચડાવશે તેના તમામ દુઃખો હું દૂર કરીશ. અહીં જો સરસવનું તેલ ન મળે તો બીજું કોઈ પણ તેલ ચાલી શકે છે શનિદેવની જે તેલ ચઢાવો તે શનિવારે ચડાવો અને તેમાં કાળા તલ નાખવા જરૂરી છે જેથી તેનું ફળ તાત્કાલિક મળે.

જો તમે હનુમાન જયંતિના દિવસે કંઈક એવું કરો છો જેનાથી હનુમાનજી ગુસ્સે થાય, તો તમે પણ શનિદેવની ક્રૂર નજરનો શિકાર બની શકો છો.

આ સાથે જ તમારે હનુમાન જયંતિના દિવસે લોખંડની ખરીદી ન કરવી જોઈએ કે કાળા કપડા ન પહેરવા જોઈએ, જો કે આ બંને વસ્તુઓ શનિદેવને પ્રિય છે પરંતુ હનુમાનજીને આ વસ્તુઓ પ્રિય નથી. તેથી, આ દિવસે કાળા કપડા પહેરીને અને લોખંડની વસ્તુઓ ખરીદવાથી તમે હનુમાનજી અને શનિદેવ બંનેને નારાજ કરી શકો છો. હિંદુ ધર્મમાં દર વર્ષે ચૈત્ર મહિનાની શુક્લની પૂર્ણિમાની તિથિએ હનુમાન જયંતિ ખૂબ જ ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવે છે કારણ કે આ દિવસે હનુમાનજીનો જન્મ થયો હતો. આ વર્ષે હનુમાન જયંતિ ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના રોજ ઉજવવામાં આવશે. હનુમાન જયંતિને 'હનુમાન જન્મોત્સવ' કહેવું વધુ યોગ્ય રહેશે કારણ કે એવું માનવામાં આવે છે કે બજરંગબલી હજુ પણ પૃથ્વી પર છે. આજે પણ તેઓ દરેકની સમસ્યાઓનું નિરાકરણ કરે છે તેથી તેમને સંકટમોચનના નામથી પણ ઓળખવામાં આવે છે.

હનુમાન જન્મોત્સવના અવસર પર દર વર્ષે બજરંગબલીની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે. મંદિરોમાં અનેક શુભ માંગલિક કાર્યક્રમો પણ કરવામાં આવે છે અને લોકો પોતાની મનોકામનાઓ પૂર્ણ કરવાની કામના કરે છે. જો તમે હનુમાન જન્મોત્સવના દિવસે મંદિરમાં જઈને હનુમાનજીની પૂજા કરી શકતા નથી. તો તમે ઘરે બેસીને કેટલાક નિયમોનું પાલન કરીને પણ પૂજા કરી શકો છો.

હનુમાન જન્મોત્સવ તિથિ

પંચાંગ પ્રમાણે ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની પૂર્ણિમા તિથિ ૨૩ એપ્રિલના રોજ સવારે ૩:૨૫ વાગ્યાથી શરૂ થશે અને ૨૪ એપ્રિલના રોજ સવારે ૫:૧૮ વાગ્યે સમાપ્ત થશે. તેથી આ વર્ષે હનુમાન જયંતિ ૨૩ એપ્રિલ ૨૦૨૪ મંગળવારના દિવસે ઉજવવામાં આવશે.

હનુમાન જન્મોત્સવ પૂજાનું આ શુભ મુહુર્ત છે.

હનુમાનજીની પૂજા કરવા માટેનું શુભ મુહુર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૯:૦૩ વાગ્યાથી ૧૦:૪૧ સુધી રહેશે. બ્રહ્મ મુહુર્ત ૨૩ એપ્રિલના રોજ સવારે ૪:૨૦ વાગ્યાથી ૦૫:૦૪ વાગ્યા સુધી રહેશે. આ શુભ મુહુર્તમાં સ્નાન કરવું ખૂબ જ શુભ માનવામાં આવે છે. હનુમાન જયંતિના દિવસે અભિજીત મુહુર્ત સવારે ૧૧:૫૩ વાગ્યાથી ૧૨:૪૬ વાગ્યા સુધી રહેશે.

હનુમાનજીની પૂજા વિધિ

હનુમાન જન્મોત્સવના દિવસે જે લોકો વ્રત રાખે છે તેમણે આખો દિવસ બ્રહ્મચર્યનું પાલન કરવું પડશે. આ દિવસે સવારે બ્રહ્મ મુહુર્તમાં ઉઠીને ભગવાન શ્રી રામ, માતા સીતા અને હનુમાનજીનું સ્મરણ કરવું અને વ્રતનો સંકલ્પ લેવો. ઘરમાં પૂજા સ્થાન પર હનુમાનજીની મૂર્તિ સ્થાપિત કરવી અને વિધિ પૂર્વક પૂજા કરવી. હનુમાનજીને શુદ્ધ જળથી સ્નાન કરાવવું. ત્યારબાદ સિંદૂર અને ચાંદીના વર્ક સાથે અબીર, ગુલાલ, ચંદન અને ચોખા ચઢાવવા. આ પછી સુગંધિત ફૂલ અને ફૂલની માળા અર્પણ કરવી અને નારિયેળ ચઢાવવું. ત્યારબાદ કેવડા કે પછી અન્ય સુગંધિત અત્તર લગાવવું. હનુમાનજીની મૂર્તિના હૃદયના ભાગ પર ચંદનથી શ્રી રામ લખવું. તેવી જ રીતે શ્રદ્ધા પૂર્વક તમે જે પણ અર્પણ કરવા માંગો છો તે અર્પણ કરી શકો છો.

હનુમાનજીની પૂજા કર્યા બાદ ચાલીસા અથવા સુંદરકાંડનો પાઠ કરવો. જો તમે તેમ ન કરી શકો તો ફક્ત શ્રી રામના નામનો જપ કરવો. અંતમાં હનુમાનજીને નૈવેદ્ય ચઢાવીને આરતી કરવી અને લોકોમાં પ્રસાદ વહેંચવો. હનુમાન જન્મોત્સવનું મહત્વ જેવું તેવું નથી હિન્દુ ધર્મમાં હનુમાન જયંતિનું વિશેષ મહત્વ છે. આ પર્વને શક્તિ, ભક્તિ અને નિષ્ઠાનું પ્રતીક માનવામાં આવે છે. આ દિવસે ભગવાન હનુમાનની વિધિ-વિધાનથી પૂજા કરવાથી વ્યક્તિને તમામ પ્રકારના દુઃખોમાંથી મુક્તિ મળે છે અને સુખ-સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ સાથે જ ભગવાન શ્રી રામ પણ પ્રસન્ન થાય છે

# રાજકારણીઓ સામે વર્ષો ચાલતા કેસોનો હવે ઝડપથી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે: રિપોર્ટ

## ગયા વર્ષે જ સ્પેશિયલ કોર્ટે ૪,૬૯૭ પેન્ડિંગ કેસમાંથી ૨,૦૧૮માં ચુકાદો આપ્યો

નવિદલ્હી

સાંસદો અને ધારાસભ્યો સામેના ફોજદારી કેસોમાં સુપ્રીમ કોર્ટની સતત દેખરેખને કારણે, સાંસદો/ધારાસભ્યો અંગેના નિર્ણયો ટૂંક સમયમાં આવી રહ્યા છે. એમિકસ ક્યુરીએ દાખલ કરેલા રિપોર્ટમાં આ વાત સામે આવી છે. ગયા વર્ષે જ સ્પેશિયલ કોર્ટે ૪,૬૯૭ પેન્ડિંગ કેસમાંથી ૨,૦૧૮માં ચુકાદો આપ્યો હતો. જેના પરથી સ્પષ્ટ થાય છે કે વર્ષોથી ચાલતા જનપ્રતિનિધિઓ સામેના કેસોનો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. ૨૦૧૩ માં, સર્વોચ્ચ અદાલતે ઈ એક્ટની કલમ ૮(૪) ને રદ કરી હતી. જેમાં દોષિત સાંસદો/ધારાસભ્યોને બે વર્ષથી વધુની જેલની સજા ફટકારી હતી. જો તેઓ દોષિત ઠરાવ્યાના ૯૦ દિવસની અંદર ઉચ્ચ મંચ પર તેમની દોષિતતા સામે અપીલ દાખલ કરે તો તેમને ગૃહમાં તેમની બેઠકો જાળવી રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. હાલમાં, ગેરલાયકાત આપોઆપ રદ થાય છે જો દોષિત ઠરાવવામાં આવે તો બે વર્ષ કે તેથી વધુ સમય માટે અને સાંસદો/ધારાસભ્યો ગૃહમાં તેમની બેઠકો ત્યારે જ મેળવી શકે છે જો ઉચ્ચ મંચ દ્વારા નિર્દોષ જાહેર થાય અથવા સજાને રોકવામાં આવે.

ભૂતપૂર્વ અને વર્તમાન સાંસદો અને ધારાસભ્યો સામે પડતર કેસોના એડવોકેટ સ્નેહા કલિતાની મદદથી ડેટાનું સંકલન, એમિકસ ક્યુરી અને વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ સુપ્રીમ કોર્ટમાં તેમના ૨૦મા અહેવાલમાં, સુપ્રીમ કોરટમાં જણાવ્યુ છે કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે તબક્કા-૧ અને તબક્કા-૨ માટે ૨,૮૧૦ ઉમેદવારોમાંથી (તબક્કો-I – 1,618, અને તબક્કા-II – 1,192), ૫૦૧ (૧૮%) ઉમેદવારો સામે ફોજદારી કેસ છે. જેમાંથી ૩૨૭ (૧૨%) ગંભીર પ્રકૃતિના છે (પાંચ વર્ષ અને તેથી વધુ કેદની સજાને પાત્ર). હંસરિયાએ સાંસદો/ધારાસભ્યો સામે ફોજદારી કેસોના નિકાલમાં પ્રોત્સાહક વલણની વિગતો આપી હતી.

# ઉત્તર કોરિયાએ સૌથી ખતરનાક સુપર લાર્જ વોરહેડ ક્રૂઝ અને એન્ટી એરક્રાફ્ટ મિસાઈલનું પરીક્ષણ કર્યું



સિઓલ


ઉત્તર કોરિયાએ ફરી એકવાર સુપર લાર્જ વોરહેડ ક્રૂઝ મિસાઈલ અને એન્ટી એરક્રાફ્ટ મિસાઈલનું પરીક્ષણ કરીને દુનિયાને ચોંકાવી દીધી છે. સમગ્ર વિશ્વમાં ત્રીજા વિશ્વયુદ્ધનો ખતરો અને રશિયા-યુક્રેન યુદ્ધ, ઈઝરાયેલ-હમાસ અને ઈઝરાયેલ-ઈરાન યુદ્ધ વચ્ચે ઉત્તર કોરિયાનું આ પરીક્ષણ સમગ્ર વિશ્વને એક મોટો સંદેશ આપવા જઈ રહ્યું છે. ઉત્તર કોરિયાએ કહ્યું હતું કે તેણે તેના પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારમાં એક 'અત્યંત વિશાળ' ક્રુઝ મિસાઈલ વોરહેડ અને એન્ટી એરક્રાફ્ટ મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન પોતાની સૈન્ય અને લડાયક ક્ષમતામાં સતત વધારો કરી રહ્યા છે. ખાસ કરીને અમેરિકા અને દક્ષિણ કોરિયા સાથે વધતા તણાવ વચ્ચે ઉત્તર કોરિયા તેની સૈન્ય ક્ષમતામાં ઝડપથી વધારો કરી રહ્યું છે અને તેણે તાજેતરમાં અનેક મિસાઈલ પરીક્ષણો કર્યા છે.

# મેગા બજેટ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ અને દીપિકા સાથે અમિતાભ પણ જોવા મળશે

નવિદલ્હી

સદીના મહાનાયક અને બૉલીવુડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન આ દિવસોમાં તેમની બહુપ્રતિક્ષિત આગામી મેગા બજેટ ફિલ્મ 'કલ્કી ૨૮૯૮' માટે ખૂબ ચર્ચામાં છે, જેમાં દક્ષિણના સુપરસ્ટાર પ્રભાસ અને દીપિકા પાદુકોણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના ઘણા પોસ્ટર સતત રિલીઝ થઈ રહ્યા છે તેની સાથેજ ફિલ્મનું બિગ બીનું પોસ્ટર શેર કરતી વખતે જણાવવામાં આવ્યું હતું કે રવિવારે તેમના પાત્ર વિશે માહિતી આપવામાં આવશે.







અમિતાભ બચ્ચને તેમની ફિલ્મ 'કલ્કી ૨૮૯૮ છ્ઢ' નું બીજું નવું પોસ્ટર તેમના ઈન્સ્ટાગ્રામ પર રિલીઝ કર્યું છે, જેમાં તેમની તીક્ષ્ણ આંખો જોવા મળે છે અને તેમનું આખું મોં કપડાથી ઢંકાયેલું જોવા મળે છે. આ સાથે એવું કહેવામાં આવ્યું છે કે સ્ટાર સ્પોર્ટ્સ પર તેના પાત્રને થોડા સમય પછી જાહેર કરવામાં આવશે, જેને લઈને ચાહકો પણ ખૂબ જ ઉત્સાહિત છે અને તેના પાત્ર વિશે જાણવા માટે આતુર છે. નાગ અશ્વિન દ્વારા નિર્દેશિત અને વૈજયંતી મૂવીઝ દ્વારા નિર્મિત 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ, કમલ હસન અને દિશા પટણી જેવા કલાકારો જોવા મળશે.

# બર્ફીલા તળાવો ખતરનાક સાબિત થઈ શકે છે - ઈસરો

## ગ્લેશિયલ તળાવો ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડનું જોખમ ઊભું કરે છે

નવિદલ્હી

હિમાલયના પર્વતોને વિશ્વનો ત્રીજો ધ્રુવ કહેવામાં આવે છે. કારણ મોટી સંખ્યામાં અને જથ્થામાં હિમનદીઓની હાજરી છે. અને ઘણો બરફ. પરંતુ ગ્લોબલ વૉર્મિંગને કારણે આ વિસ્તાર ખૂબ જ પ્રભાવિત થઈ રહ્યો છે. બરફ પીગળી રહ્યો છે. હિમનદીઓ સંકોચાઈ રહી છે. તેની અસર સામાજિક રીતે પણ જોવા મળે છે.

હિમનદીઓનું સંકોચન એટલે બરફનું ઝડપથી પીગળવું. એટલે કે જ્યાં પણ પહાડો પરથી વહેતું પાણી એકઠું થાય છે, ત્યાં હિમનદી તળાવો બને છે. પાણી ઉમેરાવાને કારણે હિમાલયમાં જૂના હિમનદી સરોવરોનું કદ પણ વધે છે. આ હિમનદીઓ અને બરફ ભારતની નદીઓના સ્ત્રોત છે. પરંતુ આ બર્ફીલા તળાવો ખતરનાક સાબિત થઈ શકે છે.

આ ગ્લેશિયલ તળાવો ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડનું જોખમ ઊભું કરે છે. જેમ કે કેદારનાથ, ચમોલી અને સિક્કિમમાં અકસ્માતો થયા છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને અચાનક પૂર અને ભૂસ્ખલનનો ખતરો છે. ગ્લેશિયલ સરોવરો ફાટી જાય છે જ્યારે કોઈ ભારે વસ્તુ તેમાં પડે છે અથવા જ્યારે પાણીનું પ્રમાણ વધે છે ત્યારે તેની દિવાલો તૂટી જાય છે. ઈસરો ઉપગ્રહો દ્વારા આના પર નજર રાખે છે. નવા સરોવરોનું નિર્માણ થઈ રહ્યું છે તેમજ જૂના સરોવરોનું કદ વધી રહ્યું છે.

# દિનેશ કાર્તિક આઈપીએલમાં ૨૫૦ મેચ રમનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે

મુંબઈ,

૩૮ વર્ષીય દિનેશ કાર્તિક આઈપીએલ ૨૦૨૪માં શાનદાર બેટિંગ કરી રહ્યો છે. દિનેશ કાર્તિક અત્યાર સુધી આક્રમક બેટિંગ કરીને ટીમ માટે રન બનાવવામાં સફળ રહ્યો છે અને રોયલ ચેલેન્જર બેંગ્લોરના વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે આ મેચ દરમિયાન એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

૩૮ વર્ષીય દિનેશ કાર્તિક આઈપીએલના સૌથી વૃદ્ધ ખેલાડીઓમાંથી એક છે. દિનેશ કાર્તિકે વર્ષ ૨૦૦૮માં આઈપીએલમાં ડેબ્યૂ કર્યું હતું. રવિવારે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે રમાયેલી મેચ દિનેશ કાર્તિકની આઈપીએલ કારકિર્દીની ૨૫૦મી મેચ છે.

દિનેશ કાર્તિક આઈપીએલમાં ૨૫૦ મેચ રમનાર ત્રીજો ભારતીય ખેલાડી બની ગયો છે. દિનેશ કાર્તિક સિવાય માત્ર રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોનીએ આ સિદ્ધિ મેળવી છે.



# દરેક વસ્તુની એક લિમિટ હોય નાઈટસૂટમાં તો ફોટો ન લેવાયને: સોનાલી બેન્દ્રે

મુંબઈ,

સોનાલી બેન્દ્રે, જયદીપ અહલાવત અને શ્રિયા પિળગાંવકરની 'ધ બ્રોકન ન્યુઝ' સિરીઝની બીજી સીઝન ત્રીજી મેએ રિલીઝ થવાની છે. સોનાલી બેન્દ્રે એમાં 'આવાઝ ભારતી' નામની ન્યુઝ ચૅનલની હેડ અમીના કુરેશીના પાત્રમાં છે. સોનાલી બેન્દ્રેએ આ સંદર્ભમાં રિયલ મીડિયા વિશે વાત કરતાં જણાવ્યું હતું કે 'મારી કરીઅર દરમ્યાન મીડિયા સાથે મારો પ્લસ-માઈનસ સંબંધ રહ્યો છે.

ગૉસિપ્સ વગેરે મારા વિશે એક સમયે આવી ચૂકી છે. ત્યારે નવાઈ લાગતી, ગુસ્સો પણ આવતો; પણ હવે આ પાત્ર કર્યા પછી લાગે છે કે પત્રકારો પર કેવું પ્રેશર હોય છે. હવે હું તેમને માનવીય રીતે જોઉં છું. ખ્યાલ આવ્યો કે તેમના પર પણ પ્રેશર હોય છે.'

આજે ડિજિટલ મીડિયાના જમાનામાં સેફ સ્પેસ ઓછી કે ઝીરો થઈ ગઈ છે એમ જણાવતાં સોનાલી બેન્દ્રેએ કહ્યું હતું કે 'હવે તમે માત્ર ચાર દીવાલની અંદર જ કૅમેરાથી બચેલા છો. જેવા રૂમમાંથી બહાર નીકળ્યા એટલે જેના હાથમાં મોબાઈલ છે એ બધા જર્નલિસ્ટ છે આજે. તેઓ એક ક્લિક કરીને ઈન્ટરનેટ પર મૂકે એટલે બધું પૂરું!' પાપારાઝી એટલે કે અત્રતત્રસર્વત્ર પહોંચી જતા ફોટોગ્રાફરોના કલ્ચર વિશે વાત કરતાં સોનાલીએ કહ્યું હતું કે 'પાપારાઝી નવું આવ્યું ત્યારે ગમેતેમ ફોટો પાડતા. તમે થાકેલા હો, તબિયત સારી ન હોય તોય ફોટો પડી જાય અને નીચે કમેન્ટ્સ આવે કે જુઓ મેકઅપ વિના આ હિરોઈન કેવી લાગે છે. પણ હવેનું પાપારાઝી જુદું છે. હવે હું રિક્વેસ્ટ કરું છું કે આજે નહીં, બે દિવસ પછી ફોટો આપીશ. તેઓ સ્પેસ આપે છે. તેઓ એવું પણ કહે છે કે આ ફોટો નથી ચાલતા, મેકઅપ વિના આપો!



# કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત

કુવૈત,

કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત થઈ છે. કુવૈતમાં ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપી હતી. મહત્વનું છે કે કુવૈતમાં ભારતીય સમુદાયનો મોટો વર્ગ છે ત્યારે હિંદીમાં રેડિયો પ્રસારણની શરૂઆત થતા ભારતીય દૂતાવાસ સહિત કુવૈતમાં રહેતા ભારતીયોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

ભારતીય દૂતાવાસે એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે કુવૈતના માહિતી મંત્રાલયની પ્રશંસા કરી હતી.



ભારતીય દૂતાવાસે કહ્યું કે કુવૈત દ્વારા લેવામાં આવેલ આ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને, ભારતીય દૂતાવાસે કહ્યું, કુવૈતમાં પ્રથમ વખત હિન્દી રેડિયો પ્રસારણ શરૂ થયું છે. ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી દર રવિવારે (૮:૩૦ થી ૯ પીએમ) એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે ભારતીય દૂતાવાસ કુવૈતના સંચાર મંત્રાલયની પ્રશંસા કરે છે. આ પગલાથી ભારત-કુવૈત સંબંધો વધુ મજબૂત બનશે.

મહત્વનું છે કે કુવૈતમાં લગભગ ૧૦ લાખ ભારતીયો રહે છે. જે દેશનો સૌથી મોટો પ્રવાસી સમુદાય છે. કુવૈતમાં ભારતીયોને પસંદગીનો સમુદાય માનવામાં આવે છે. ઈજનેરો, ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વૈજ્ઞાનિકો, સોફ્ટવેર નિષ્ણાંતો, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ, આર્કિટેક્ટ્સ, ટેકનિશિયન અને નર્સો જેવા વ્યાવસાયિકો ઉપરાંત રિટેલર્સ અને બિઝનેસમેન પણ અહીં રહે છે. ભારત લાંબા સમયથી કુવૈતનું વેપારી ભાગીદાર છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં બંને દેશોએ રાજદ્વારી સંબંધોની ૬૦ વર્ષની ઉજવણી કરી હતી. ભારતીય રાજદૂત આદર્શ સ્વૈકા કુવૈતના નાયબ વડાપ્રધાનને ૧૭ એપ્રિલના રોજ મળ્યા હતા. જે દરમિયાન ભારતીય રાજદૂતે કુવૈત દ્વારા શરૂ કરાયેલા પ્રવાસી-મૈત્રીપૂર્ણ પગલાંની પણ પ્રશંસા કરી હતી. કુવૈતમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

# રિતેશ દેશમુખે પત્ની જેનેલિયા અને પુત્રો સાથે રામલલાના દર્શન કર્યા

મુંબઈ,

એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

એક્ટર અને ફિલ્મમેકર રિતેશ દેશમુખે પોતાના ઓફિશ્યલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ફોટો શેર કર્યો છે. ફોટોમાં એક તરફ તે પરિવારની સાથે હાથ જોડીને દર્શન કરી રહ્યા છે તો બીજી બાજુ રામલલાની ઝલક દેખાઈ રહી છે.

એક્ટર રિતેશ દેશમુખ, પત્ની જેનેલિયા અને પોતાના બન્ને બાળકોની સાથે અયોધ્યા પહોંચ્યા અને રામલલાના દર્શન કર્યા. રિતેશ દેશમુખ અને તેમની ફેમિલીની અયોધ્યા રામ મંદિરની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ

રિતેશ દેશમુખે ઈન્સ્ટાગ્રામ પર રામમંદિર દર્શનના ફોટોની સાથે એક કેપ્શન પણ શેર કર્યું છે. રિતેશે લખ્યું- મંત્રોથી મોટુ તારૂ નામ- જય શ્રીરામ! રામલલાના દર્શન કરીને બ્લેસ્ડ છે. આ ઉપરાંત તેમના બીજા પણ ઘણા ફોટો વાયરલ થઈ રહ્યા છે.

ફોટોમાં રિતેશ દેશમુખ અને જેનેલિયા દેશમુખ, રામ મંદિરના પુજારી સાથે મુલાકાત કરતા દેખાઈ રહ્યા છે. પુજારીએ રિતેશ અને જેનેલિયાને ભેટ આપીને તેમનું સ્વાગત કર્યું. પીળા કુર્તામાં રિતેશ અને સફેદ સૂટમાં જેનેલિયાના ફોટો વાયરલ થઈ રહ્યા છે.

# અમ્પાયર સાથે દલીલ વિરાટ કોહલીને પણ ભારે પડી શકે છે : ધોનીને સજા મળી હતી

કોલકતા,

વિરાટ કોહલી ફરી એકવાર ચર્ચામાં છે. રવિવારે ઈડન ગાર્ડન્સમાં અમ્પાયરના નિર્ણયથી કોહલી ઘણો નારાજ દેખાઈ રહ્યો હતો. કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાયેલી મેચમાં આ અંગે મેદાનની વચ્ચે ભારે હોબાળો થયો હતો. મામલો એ હદે પહોંચી ગયો કે કોહલીએ પોતાની વિકેટ પર અમ્પાયર સાથે દલીલ કરવાનું શરૂ કરી દીધું. વાસ્તવમાં, કોહલી ત્રીજી ઓવરમાં આઉટ જાહેર થતાં નારાજ હતો. આ પછી તેની અમ્પાયર સાથે દલીલ થઈ હતી. ચાલો જાણીએ કે અમ્પાયર સાથે દલીલ કરવાની શું છે સજા?



એમએસ ધોની જેવા ખેલાડીઓને પણ અમ્પાયર સાથે દલીલ કરવા બદલ સજા થઈ છે. પાંચ વર્ષ પહેલા રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી મેચમાં નો બોલ આપવામાં આવ્યા બાદ ધોની ગુસ્સે થયો હતો. જોકે, ફ્રેન્ચાઈઝીએ ધોની વતી આ દંડ ભર્યો હતો. આવી જ રીતે ગયા વર્ષે ૧૩ એપ્રિલે સન રાઈઝર્સ હૈદરાબાદના એક ખેલાડીને અમ્પાયરના વિરોધના બોજનો સામનો કરવો પડ્યો હતો. હેનરિક ક્લાસેનને તેની મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો.

વાસ્તવમાં, અમ્પાયર સાથે દલીલ કરવી આઈપીએલ આચાર સંહિતા વિરુદ્ધ છે. આ માટે કલમ ૨.૭ હેઠળ ગુનાઓ જાહેર કરવામાં આવ્યા છે.આઈપીએલની આચારસંહિતામાં જાહેર ટીકા અથવા અયોગ્ય ટિપ્પણીઓ માટે સજાની જોગવાઈઓ સામેલ છે. ૧૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઋષભ પંત પણ અમ્પાયર સાથે દલીલ કરતો જોવા મળ્યો હતો. અલ્ટ્રા એજ ટેક્નોલોજીનો ઉપયોગ ન કરવા પર તે ગુસ્સે હતો. જોકે, તે અમ્પાયર પર નિર્ભર કરે છે કે તેઓ કોહલી વિશે ફરિયાદ કરે છે કે નહીં. ૨૨૩ રનનો પીછો કરવા વિરાટ કોહલી આઉટ થયો હતો.

# સલમાન ખાને દુબઈમાં સંજય દત્તના દિકરા સાથે ભારત-પાકિસ્તાનની મેચ જોઇ

દુબઇ,

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન વિશેની ચર્ચાઓ એવી છે ક્યારેય સમાપ્ત થતી નથી. છેલ્લા કેટલાક દિવસોથી સલમાન ખાન પોતાની સુરક્ષાને લઈને ચર્ચામાં છે. જાનથી મારી નાખવાની ધમકીઓ અને તેના ઘર ગેલેક્સીની બહાર ફાયરિંગની ઘટના પછી, ભાઈજાનની સુરક્ષા હેડલાઈન્સનો ભાગ બની ગઈ છે. એવામાં હવે હાલ દુબઈથી સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. તાજેતરમાં તેઓ એક શોનો ભાગ બનવા માટે દુબઈ ગયા હતા અને તેઓ ભારત અને પાકિસ્તાન કરાટે મેચ જોવા ગયા હતા. આ





દરમિયાન સંજય જય દત્તનો પુત્ર શહરાન પણ સલમાન સાથે જોવા મળ્યો હતો.

જણાવી દઈએ કે શાહરાન સંજય દત્તનો અને તેની ત્રીજી પત્ની માન્યતા દત્તનો પુત્ર છે અને તેની એક બહેન પણ છે. જ્યારે સંજય દત્તને તેની પહેલી પત્ની રિચા શર્માથી એક પુત્રી ત્રિશાલા છે. હાલ સલમાન અને શાહરાનનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

હવે દુબઈથી પરત ફર્યા બાદ મુંબઈ એરપોર્ટ પરથી સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં સલમાન ખાન સાથે સુરક્ષાકર્મીઓનો કાફલો પણ જોવા મળ્યો હતો. દુબઈમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ આજે સવારે સલમાન ખાન પરત ફર્યા ત્યારે પેપ્સે કેમેરામાં સલમાન ખાનની ઝલક રેકોર્ડ કરી હતી, જેનો વીડિયો હવે ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે.

સલમાન ખાનના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેતા છેલ્લે ફિલ્મ 'ટાઈગર ૩' માં સિલ્વર સ્ક્રીન પર જોવા મળ્યો હતો. 'ટાઈગર ૩' બાદ હવે સલમાન ખાન 'સિકંદર'માં જોવા મળશે. જેની અભિનેતાએ ઈદના અવસર પર ચાહકો માટે જાહેરાત કરી હતી.

# તાલાલામાં કેસર કેરીની હરાજીનો ગુજરાત સ્થાપના દિવસથી આરંભ

## હરાજી ૧૩ દિવસ મોડી પડશે, પાક ઓછો રહેતા ભાવ ઊંચા રહેવા સંભવ



જુનાગઢ
સોરઠની વિશ્વવિખ્યાત કેસર કેરીના પીઠાં ગણાતા તાલાલા માર્કેટ યાર્ડમાં નવી સીઝનની હરાજીનું મુહૂર્ત નીકળ્યું છે. પંથકના કિસાનો ઘરઆંગણે જ વેચાણ કરી શકે તે માટે ૧ મે બુધવારના દિવસથી હરાજીનો આરંભ કરવામાં આવશે. આમ સૌરાષ્ટ્રમાં ખરી રીતે કેસર કેરીના શ્રીગણેશ થશે.

તાલાલા પંથકના કેસર કેરીના જથ્થાબંધ વેપારીઓ- કમિશન એજન્ટોની બેઠક મળી હતી, જેમાં આગામી સીઝન દરમિયાન કેરીનું વેચાણ કરવા આવતા ખેડૂતોને ઉપયોગી સારી સવલત મળે તેવાં નિર્ણયો આ બેઠકમાં કરવામાં આવ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ગત વર્ષે તા.૧૮મી એપ્રિલથી કેસર કેરીની સિઝનનો શુભારંભ થયો હતો. તેનાં બદલે આ વર્ષે ૧૩ દિવસ મોડી હરાજી શરૂ થશે.માર્કાટિંગ યાર્ડનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગત વર્ષે કેસર કેરીની સિઝન ૬૩ દિવસ ચાલી હતી. આ દરમિયાન દશ કિલો ગ્રામના ૧૧ લાખ ૧૩ હજાર ૫૪૦ બોક્સની આવક થઈ હતી.

તાલાલા પંથકમાં આ વર્ષે ઠંડી ઓછી પડવાને કારણે સંખ્યાબંધ બગીચાઓમાં બંધારણ થયું નહીં. ત્યારબાદ તૈયાર થયેલ પાકમાં મોટાપ્રમાણમાં કોરામણ આવતા તૈયાર પાક આંબા ઉપરથી મોટા જથ્થામાં ખરી પડયો હતો તેમજ કેરીના પાકને અનુકૂળ વાતાવરણ મળ્યું નહીં જેને કારણે ૫૦ ટકા પાક ઓછો થવાની ધારણા છે.તાલાલા માર્કેટિંગ યાર્ડમાં ગત વર્ષે દશ કિલો ગ્રામના એક કેરીના બોક્સનો સરેરાશ ભાવ રૂ. ૪૨૫ રહ્યો હતો. ઉત્પાદક કિસાનોને રૂ.૪૭ કરોડથી પણ વધુ આવક થઈ હતી. આ વર્ષે ઓછા પાકને કારણે કેરીના ભાવ ઊંચા રહેવાની ધારણા છે.ખેડૂતો, કેરીના જથ્થાબંધ વેપારીઓ-કમિશન એજન્ટોને કોઈ મુશ્કેલી પડે નહીં માટે જરૂરી તમામ સવલતો ઉભી કરવામાં આવી છે, તેમ માર્કેટિંગ યાર્ડના ચેરમેન સંજય શિંગાળા તથા સેક્રેટરી રમેશ ડાંડે જણાવ્યું છે.

# હાટકેશ્વર દાદાના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવતા પરષોતમભાઈ રૂપાલા



રાજકોટ
સમસ્ત નાગરોના ઈષ્ટદેવ શ્રી હાટકેશ્વર જીની જયંતી એટલે કે હાટકેશ જયંતિ નિમિત્તે આજે સદીઓ જુના હાટકેશ્વર મંદિર ખાતે પાઠાત્મક લઘુદ્ર તેમજ વિધિવત હાટકેશ પૂજા નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રપ્રસંગે રાજકોટ લોકસભાના ઉમેદવાર શ્રી પુરષોત્તમભાઈ રૂપાલાજી એ ખાસ હાટકેશ્વર મંદિરની મુલાકાત લઈ અને હાટકેશ દાદા ના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. પુરષોત્તમભાઈ રૂપાલાજી હાટકેશ્વર મંદિરે આવી પહોંચતા નાગર અગ્રણીઓએ આ પ્રપ્રસંગે ખાસ તેઓનું કેસરી ખેસ તેમજ હાર તોરા સાથે ભવ્ય દિવ્ય સ્વાગત કર્યું હતું..આ તકે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા પણ ઉપસ્થિત રહયા હતા. આ તકે કમલેશભાઈ જોશીપુરાએ જણાવેલ કે પ્રાચીન હાટકેશ્વર મહાદેવ મહારાજાએ નાગરોને ખાસ તામ્રપત્ર પર આપેલ છે. પ્રાચીન હાટકેશ્વર મહાદેવ રાજકોટ ઠાકરો સાહેબ ધ્વારા મહારાજાએ નાગરોના ઈષ્ટદેવશ્રી હાટકેશ્વરજીના મંદિર દોઢ સદી પહેલા સંવર્ધિત કરાયેલ. આ તકે જગદીશભાઈ બુચ, કિરીટભાઈ હાથી, મુકેશભાઈ માંકડ, વિપુલભાઈ પોટા, મયંકભાઈ માંકડ, હિમાંશુભાઈ માંકડ, સુનિલભાઈ ઓઝા, નલીનભાઈ વૈદ્ય, સતીષભાઈ મહેતા, સમીરભાઈ વસાવડા, સંગીતાબેન છાયા, તુષારભાઈ બુચ, તુષારભાઈ પોટા, મેઘાબેન વૈષ્ણવ,અજય આચાર્ય, કમેન્દુ આચાર્ય, ભરત આચાર્ય, મકરંદ વોરા તેમજ ટ્રસ્ટીશ્રીઓ, અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# સમાજમાં રક્તદાન થકી માનવતાવાદી પ્રપ્રવૃતિને વેગ આપીએ : આપણું રક્તઅન્ય લોકોના જીવન માટે વરદાન બની જાય છે : પરશોત્તમભાઈ રૂપાલા

## શ્રી બાલાજીજી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત રક્તદાન કેમ્પમાં પ્રેરક હાજરી આપતા પરશોત્તમભાઈ રૂપાલા



રાજકોટ
રાજકોટના લાલપાર્ક સોસાયટીમાં સ્વ.હીરજીભાઈ મેઘજીભાઈ લુણાગરીયાની પૂણ્યતિથિ સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ અર્થે મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા દ્વારા શ્રી બાલાજીજી ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા શહેરની લાઈફ બ્લડબેંકના સહયોગથી મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ રકતદાન કેમ્પમાં ૩૦૦થી વધુ રકતદાતાઓ રકતદાન કરી 'રકતદાન એ મહાદાન' ની ઉકિતને સાકાર કરી રકતદાન કરેલ હતું.

આ મહારક્તદાન કેમ્પના ઉદ્ઘાટન પ્રપ્રસંગે કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ તકે ટ્રસ્ટની માનવતાવાદી પ્રપ્રવૃતિને બીરદાવીને આયોજકને અભિનંદન આપ્યા હતા. રક્તદાનએ જ મહાદાન છે. આધુકિન વિજ્ઞાન પાસે પણ લોહીનો કોઈ વિકલ્પ ન હોય, આપણું રકતદાન અન્ય લોકોના જીવન માટે વરદાન બની જાય છે. તમારા રક્તથી અન્યની અમૂલ્ય જીજીંદગી બચી શકે છે. રક્તદાનની પ્રપ્રવૃતિને વેગ આપીને જરૂરીયાતમંદ દર્દીને રક્તતદાન કરીને જીજીવનને બચાવી શકે છે.

# મવડી ગ્રીન પાર્ટી પ્લોટમાં સંપૂર્ણ રામાયણ વેકેશન મેળાનું ઉદઘાટન કરતા પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ
શહેરના મવડી ગ્રીન્સ પાર્ટી પ્લોટ (સ્પીડવેલ ચોક) ખાતે સંપૂર્ણ રામાયણ વેકેશન મેળા ભગવાન રાજા રામના જીવન ચરિત્ર ઉપર એક થીમ બેઈઝ આયોજન કરેલ છે. બાળકો અને પરિવારજનોનો સુંદર રીતે રામાયણના દર્શન થાય તે મુજબ થીમ બનાવેલ છે.

આ કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં અતિથિ વિશેષપદે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ તકે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા તેમજ નિતીનભાઈ ભારધ્વાજ, મયુરસિંહ જાડેજા, મનીષભાઈ પ્રજાપતિ, રક્ષિત કલોલા, નવઘણભાઈ પોંડીયા, અનિમેશભાઈ દેસાઈ, મુકેશભાઈ કોયાણી, કેશુભાઈ ભુત, સત્યેન્દ્રભાઈ પટેલ, અંકિતભાઈ, દીપકભાઈ પટેલ, સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. શ્રી રજવાડી ફેમીલી કલબ આયોજિત આ સંપૂર્ણ રામાયણ વેકેશન મેળો તા.૧૨/૦૫/૨૦૨૪ સુધી ખુલ્લો રહેશે.

# વેરાવળમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ કલેકટર કચેરીની મુલાકાતે



વેરાવળ,
વેરાવળમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ ૮ થી ૧૦ ના ઉત્સાહી વિદ્યાર્થીઓ તેમના નાગરિક શિક્ષણ અને સામાજિક અભ્યાસના અભ્યાસક્રમના ભાગરૂપે, કલેક્ટર કચેરીની એક આકર્ષક ક્ષેત્રની સફર શરૂ કરી હતી.

આ પ્રવાસનો હેતુ વિદ્યાર્થીઓને કલેક્ટર કચેરીની વહીવટી કામગીરી અને જિલ્લાના શાસનમાં તેના મહત્વ વિશેની પ્રથમ સમજ આપવાનો હતો. વિદ્યાર્થીઓ સાથે તેમના શિક્ષકો અને શાળાના સ્ટાફ હતા, જેમણે સુરક્ષિત અને સમૃદ્ધ અનુભવ સુનિશ્ચિત કર્યો હતો.મુલાકાત દરમિયાન, એડિશનલ કલેક્ટર અને અન્ય અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમણે તેમને કચેરીની વિવિધ જવાબદારીઓ અને પહેલો વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ ઓફિસની કામગીરી જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા અને આતુરતાપૂર્વક પ્રશ્નો પૂછ્યા, આ વિષયમાં તેમની ઊંડી રુચિ દર્શાવી.ફિલ્ડ ટ્રીપમાં ઓફિસ પરિસરની ટૂરનો પણ સમાવેશ થાય છે, જ્યાં વિદ્યાર્થીઓએ રોજબરોજની પ્રવૃત્તિઓ અને કામગીરીની સમજ મેળવી હતી. તેઓ અધિકારીઓ અને કર્મચારીઓના સમર્પણ અને સખત મહેનતથી પ્રભાવિત થયા હતા, જેઓ જિલ્લાની સુધારણા માટે અથાક મહેનત કરે છે.

# રાજકોટના ગરેડીયા કુવા રોડ સ્થિત અંદાજે ૧૬૦ વર્ષ જૂના શ્રી પંચમુખી હનુમાનજી મહારાજનો જન્મ મહોત્સવની રંગે ચંગે ઉજવણી





રાજકોટ
એપ્રિલ- પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટના ગરેડીયા કુવા રોડ સ્થિત અંદાજે ૧૬૦ વર્ષ જુના શ્રી "પંચમુખી હનુમાનજી મહારાજ" ની જન્મજયંતિ મહોત્સવ નિમિતે અબાલ વૃદ્ધ સર્વે સમાજના સભ્યોને મહાપ્રસાદમાં બુંદીના લાડુ, મોહનથાળ, ગુલાબજાંબુ, ગાંઠિયા સહિતના પ્રસાદનું સવારના ૧૦ વાગ્યાથી વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું.

આ મહાપ્રસાદનો દિવસ દરમ્યાન અંદાજે ૨૨૦૦ થી ૨૫૦૦ ભક્તજનોએ લાભ લીધો હતો. આ સાથે ભક્તજનોએ શ્રી પંચમુખી હનુમાનજી મહારાજનો જય જયકાર બોલાવ્યો હતો.

શ્રી પંચમુખી હનુમાન મિત્ર મંડળ દ્વારા આ શુભ કાર્યને સફળ બનાવવા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર (ગાયત્રી માતાના ઉપાસક)ના માર્ગદર્શન હેઠળ શ્રી હસમુખભાઈ(મુખ્ય આયોજક), શ્રી ચેતનભાઈ પુજારા, શ્રી દર્શન કરીયા, શ્રી અમિતભાઈ, શ્રી મિતેશભાઈ, શ્રી રોહિતભાઈ સહિતના ભક્તજનોએ સહયોગ કર્યો હતો.

# સોમનાથ ખાતે પ્રભાસ પાટણ કોળી સમાજનો ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાયો



વેરાવળ,
વેરાવળના પ્રભાસ પાટણ કોળી સમાજ દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ સદભાવના ગ્રાઉન્ડમા યોજાયેલ આ ટુર્નામિન્ટમાં ૧૪ ટીમો એ ભાગ લીધેલ હતો અને ૧૭ દિવસ સુધી ચાલેલ આ ટુર્નામિન્ટમાં તમામ મેન ઓફ મેચ ટ્રોફી જીલ્લા કોળી સમાજના પ્રમુખ કાનાભાઈ વાસાભાઈ ગઢીયા એ આપેલ.

આ ટુર્નામિન્ટમાંના ફાયનલમા સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખ માનસિંહભાઈ પરમાર, ગીર સોમનાથ અખિલ ભારતીય કોળી સમાજ પ્રમુખ કાનાભાઈ વાસાભાઈ ગઢીયા, સોમનાથ કેટરીગ એસોસિયેશનના પ્રમુખ મીલનભાઈ જોષી, બ્રહ્મ સમાજના પ્રમુખ હેમલભાઈ ભટ્ટ, નાના કોળી સમાજના પ્રમુખ પ્રવિણ ભાઈ ચુડાસમા, ઉકાભાઈ ગઢીયા, રામભાઈ સોલંકી, દિનેશભાઈ વાજા સહિત આગેવાનો એ હાજરી આપી હતી.

# તા. ૨ મે- રોજ બાલભવન ખાતે રૂપાલની ઉપસ્થિતિમાં રઘુવંશી સમાજ ધ્વારા વિશાળ સંખ્યામાં સ્નેહમિલન યોજાશે

## પૂર્વતૈયારી અંતર્ગત રાજકોટ લોકસભા મધ્યસ્થ કાર્યાલય ખાતે રઘુવંશી સમાજની બેઠક યોજાઈ : માર્ગદર્શન આપતા ડો. માધવભાઈ દવે, પ્રતાપભાઈ કોટક, મનીષભાઈ રાડીયા, કાશ્મીરાબેન નથવાણી સહિતના આગેવાનો



રાજકોટ
આગામી લોકસભાની ચૂંટણી અંતર્ગત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ધ્વારા વિવિધ સંગઠનાત્મક કાર્યો ધ્વારા ચૂંટણી કામગીરીને વેગવંતી બનાવવામાં આવી છે સાથોસાથ વિવિધ સમાજના સંમેલનો પણ યોજાઈ રહયા છે ત્યારે આગામી તા. ૨ જી મે, ગુરૂવારના રોજ શહેરના રેસકોર્ષ–બાલભવન ખાતે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં દશ હજારથી વધુ રઘુવંશી સમાજનું મહા સ્નેહમિલન યોજાનાર હોય આ કાર્યક્રમની પૂર્વતૈયારીના ભાગરૂપે રાજકોટ લોકસભા ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ખાતે રઘુવંશી સમાજની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેર ભાજપ મહામંત્રી ડો.માધવ દવે, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ પ્રતાપભાઈ કોટક, રાજકોટ મહાનગરપાલિકાના દંડક મનીષભાઈ રાડીયા, સહીતનાએ રઘુવંશી સ્નેહમિલનની માહિતી–રૂપરેખા આપી વિસ્તૃત માર્ગદર્શન પુરૂ પાડેલ હતું.આ કાર્યક્રમનું સંચાલન શહેર ભાજપ ઉપપ્રમુખ કાશ્મીરાબેન નથવાણીએ સંભાળેલ. આ તકે પૂર્વ મેયર જનકભાઈ કોટક, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમ પુજારા, પૂર્વ વોર્ડપ્રભારી દીનેશભાઈ કારીયા, પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન બીપીનભાઈ અઢીયા,શહેર ભાજપ લોકસભા ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય મીડીયા સેલના રાજન ઠકકર સહિતના ઉપસ્થિત રહયા હતા. આ બેઠકમાં બહોળી સંખ્યામાં રઘુવંશી સમાજના ભાઈઓ–બહેનો ઉપસ્થિત રહયા હતા અને રઘુવંશી સમાજના મહાસ્નેહમિલન સમારોહમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી સફળ બનાવવાનો નિર્ધાર વ્યકત કરેલ હતો.

# પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં શહેર ભાજપ ધ્વારા શહેરની મુખ્ય બજારોમાં ઘનિષ્ઠ લોકસંપર્ક કરાયો

## કેન્દ્ર સરકારના છેલ્લા દશ વર્ષના સીમાચીન્હરૂપ નર્ણયો-અનેકાનેક સિધ્ધીઓની માહિતીસભર પત્રિકાનું વિતરણ કરાયુ : મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, નયનાબેન પેઢડીયા સહીતના આગેવાનો જોડાયા



રાજકોટ :
આગામી લોકસભાની ચૂંટણી અન્વયે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ધ્વારા વિવિધ વોર્ડમાં ડોર ટૂ ડોર લોકસપંર્ક, જુથબેઠક, બુથ બેઠક, પ્રચાર–પ્રસાર, સાહિત્ય–પત્રિકા વિતરણ સહિતની કામગીરી વેગવંતી કરવામાં આવી છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની આગેવાનીમાં અને રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા સહીતના અગ્રણીઓ ધ્વારા શહેરના ત્રિકોણ બાગ, પરાબજાર, ધર્મેન્દ્ર રોડ, સાંગણવા ચોક, સહિતના વિસ્તારોમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં પદયાત્રા—લોકસંપર્ક યોજાયો હતો.

આ તકે મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા સહિતનાઓએ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી વિજયી બનાવવા અનુરોધ કરતા જણાવેલ કે કેન્દ્રની ભાજપ સરકાર ધ્વારા છેલ્લા દશ વર્ષમાં ગરીબોનું કલ્યાણ, દેશનું કલ્યાણના સંકલ્પને સાકાર કરતી અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે તેમજ દિવ્યાંગ વ્યકિતઓનું સશકિતકરણ આદીવાસી લોકોનો સર્વાગિ વિકાસ સુનિશ્ચિત કરવો , નબળા વર્ગોની આંકાક્ષાની પરિપૂર્તિ કરતી યોજનાઓ, પ્રધાનમંત્રી સ્વનિધિ – શેરી વિક્રેતાઓ માટે સરળ લોન આપી આત્મનર્ભરિ બનાવવા, મહિલાઓ માટે નારીશકિત વંદન અધિનિયમ બીલ, ઉજજવલા યોજના, ત્રણ તલાકનું અપરાધીકરણ, મહિલાઓનું જીવન સરળ બને તે માટે અનેકવિધ યોજનાઓ, જલજીવન મિશન, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦, વૈજ્ઞાનિક વિચારસરણીને પ્રોત્સાહન , ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં ૧.૫ ગણો વધારો, ધંધા–વેપાર–ઉદ્યોગને પ્રોત્સાહન મળે તે માટેની અનેકવિધ યોજનાઓ, તેમજ મધ્યમ વર્ગનું જીવન સરળ બને તે માટે વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ ધ્વારા દેશવાસીઓનું જીવન સરળ અને સુવિધાયુકત બન્યું છે. ત્યારે ઉપસ્થિત અગ્રણીઓએ લોકસંપર્ક દરમિયાન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને ઐતિહાસિક બહુમતીથી વિજયી બનાવી દિલ્હીમાં 'કમળ' મોકલવા અપિલ કરેલ હતી. આ લોકસંપર્કની વ્યવસ્થા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી, શહેર ભાજપ મંત્રી વિજયભાઈ પાડલીયા તેમજ ઈબ્રાહીમ સોની સહીતનાએ સંભાળી હતી.

# જામનગરમાં હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી : આરતી અને બટુક ભોજનના કાર્યક્રમોનું આયોજન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરમાં આજે હનુમાનજી મંદિરમાં હનુમાન જયંતીની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરના જુદા જુદા હનુમાનજી મંદિરમાં સવારથી હનુમાન ભકતોની દર્શન કરવા કતારો લાગી છે. અનેક મંદિરોમાં વહેલી સવારથી જ મહાઆરતીના આયોજનો કરવામાં આવ્યા હતા તેમજ પ્રસાદ વિતરણના કાર્યક્રમો પણ યોજાયા હતા. આ ઉપરાંત જામનગર શહેરમાં અનેક સ્થળોએ શ્રી રામ ભક્ત હનુમાનજીના મંદિરો આવેલા છે. ત્યાં આજે સાંજે મહાઆરતીના પ્રોગ્રામો રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરના અનેક વિસ્તારોમાં બટૂક ભોજનના કાર્યક્રમો પણ કરવામાં આવ્યા છે. જામનગરના સુપ્રસિધ્ધ બાલા હનુમાન મંદિર, શ્રી દાંડિયા હનુમાન મંદિર, શ્રી રામદૂત હનુમાનજી મંદિર, શ્રી સૂર્યમુખી હનુમાન મંદિર તેમજ શ્રી લિંબડિયા હનુમાનજી મંદિર સહિતના વિવિધ મંદિરોમાં આજે સવારથી વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહયા છે તેમજ દર્શનાર્થીઓની ભીડ જોવા મળી રહી છે.

# જોડીયા તાલુકાના તારાણાધાર ગામે વેપારીની હત્યા પ્રકરણમાં જામનગરના બે શખ્સોને ઝડપી પાડ્યા

## ચોરી- લૂંટ કરવાના ઈરાદે આવેલા બંને શખ્સોને વેપારીએ પડકારતાં તેની હત્યા નિપજાવ્યાની કબુલાત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના જોડીયા પંથકમાં પાંચ દિવસ પહેલાં એક વેપારીની લૂંટાના ઈરાદે હત્યા કરાઈ હતી, જે હત્યાના બનાવનો ભેદ એલસીબીની ટુકડીએ ઉકેલી નાખ્યો છે, અને જામનગરના બે હત્યારા શખ્સોની અટકાયત કરી લઇ તેઓ પાસેથી ચોરાઉ બાઈક, રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિતનું સાહિત્ય કબજે કર્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જોડિયા તાલુકાના તારાણાધાર વિસ્તારમાં રહેતા ભુપેન્દ્રસિંહ નિમુભા જાડેજા નામના ૪૦ વર્ષના યુવાનની ગત ૧૮.૪.૨૦૨૪ ના દિવસે હત્યા થઈ હતી. જે બનાવાની મૃતકના ભાઈ જગુભા નિમુભા જાડેજાએ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી, અને જોડિયા પોલીસે હત્યા અંગેનો ગુનો નોંધ્યો હતો. જે પ્રકરણમાં એલસીબીની ટુકડીએ તપાસમાં ઝુકાવ્યું હતું. અને તપાસ દરમિયાન કેટલાક સીસીટીવી કેમેરાઓના ફૂટેજ નિહાળ્યા પછી ડબલ સવારી બાઈકમાં બે શખ્સો આવ્યા હોવાનું અને તેના દ્વારા જ ચોરી-લૂંટ અને હત્યા કરવામાં આવી હોવાનું અનુમાન લગાવી તપાસનો દોર આગળ ધપાવ્યો હતો.

જેમ જામનગરના ધરારનગર - ૧માં રહેતા અસલમ ફરીદભાઈ કકકલ અને મચ્છર નગરમાં રહેતા જતીન અશોકભાઈ ભટ્ટીની અટકાયત કરી લઈ તઓની પૂછપરછ હાથ ધરી હતી. દરમિયાન તેમણે ઉપરોક્ત હત્યાની ઘટનાને અંજામ આપ્યાની કબુલાત આપી છે. વધુમાં તેઓ બનાવના સમયે મોમાઈ કૃપા નામની દુકાનમાં ચોરીના ઈરાદે ઘુસ્યા હતા, ત્યારે અવાજ થતાં મોડી રાત્રે વેપારી જાગી ગયા હતા, અને બંને તસ્કરોને પડકારતાં તેઓએ ધારદાર હથિયાર વડે હુમલો કરી હત્યા નિપજાવ્યાનું અને મરનારના ખિસ્સામાંથી તેમજ દુકાનમાંથી કુલ ૨૨૦૦ રૂપિયાની રોકડ રકમની લૂંટ ચલાવી ભગી છૂટયા હોવાનું કબૂલી લીધું હતું. આરોપીઓ પાસેથી રૂપિયા ૨,૨૦૦ ની રોકડ રકમ, બે મોબાઈલ ફોન તેમજ જે બાઈકમાં આવ્યા હતા તે બાઈક કબજે કરી લીધું હતું. બાઈક અંગેની પૂછપરછમાં તેઓએ રાજકોટમાંથી બાઈકની ઉઠાંતરી કરી હોવાની પણ કબુલાત આપી હતી. હાલ બંને આરોપીઓનો કબજો જોડીયા પોલીસને સોંપી દેવાયો છે.

# લાલપુરના રીંજપર ગામે પથ્થરનો પાળો ઉભો કરવા પ્રશ્ને બે પાડોશીઓ વચ્ચે તકરાર

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના રીંજપર ગામમાં વાડી વિસ્તારમાં બે સેઢા પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી, અને પથ્થર નો પાળો કરવા બાબતે બંને વચ્ચે ચકમક ઝરી હતી. જે સામસામાં હુમલામાં બે વ્યક્તિના માથા ફુટ્યા છે, જે મામલે બંને વખતે સામ સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. લાલપુર તાલુકાના રીંજપર ગામમાં રહેતા અને વાડી ધરાવતા નરેન્દ્ર સિંહ રવુ ટભા જાડેજા નામના ખેડૂત યુવાને પોતાના માથા પર લોખંડની ખપારી તેમજ ધોકા વડે હુમલો કરી માથું ફોડી નાખવા અંગે તેમજ હાથમાં ફેક્ચર કરી નાખવા અંગે પાડોશમાં વાડી ધરાવતા જયસુખ પાલાભાઈ બેલા અને મુકેશ પાલાભાઈ બેલા નામના બે ભાઈઓ સામે ફરિયાદ નોંધાવી છે.

આ હુમલામાં ફરિયાદી નરેન્દ્રસિંહ જાડેજા ને માથા ના ભાગે ગંભીર ઈજા થઈ હોવાથી છ ટાંકા લેવા પડ્યા છે, અને હાલ સારવાર ચાલુ છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ખેડૂત પોતાની વાડીના શેઢે પથ્થર નો પારો કરતો હતો, જે પાડોશી સેઢા પાડોશી જયસુખભાઈ વગેરેને પસંદ ન હોવાથી તકરાર કરી આ હુમલો કર્યાનું પોલીસમાં જાહેર થયું છે. પોલીસે બંને હુમલાખોર બંધુઓ સામે ગુનો નોંધાયો છે. ત્યારે સામા પક્ષે જેયસુખભાઈ પાલાભાઈ બેલાએ પોતાના ઉપર તેમજ પોતાના ભાઈ ઉપર પથ્થર વડે હુમલો કરી માથું ફોડી નાખવા અંગે નરેન્દ્રસિંહ જાડેજા સામે વળતી ફરિયાદ નોંધાવી છે.

આ હુમલામાં પોતાને માથાના ભાગે ઈજા થઈ હોવાથી પાંચ ટાંકા લેવા પડ્યા છે. સમગ્ર માલમાં ઊંડાણપૂર્વકની તપાસ કરી રીંજપર ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

## લાલપુરના દલતુંગીનો દારૂના ધંધાર્થીની પાસા હેઠળ ધરપકડ



જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના દલતુંગી ગામમાં રહેતા એક શખ્સ સામે દારૂ અંગેના ચારથી વધુ ગુન્હાઓ નોંધાઈ ચૂક્યા છે, ત્યારે આ પ્રોહીબિશનના બુટલેગર સામે વહીવટી તંત્ર દ્વારા પાષાનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે, અને તેની પાસા હેઠળ અટકાયત કરી લઈ સુરતની લાજપોર જેલમાં મોકલી દેવાયો છે.

લાલપુર તાલુકાના દલતુંગી ગામમાં રહેતા માલાભાઈ હીરાભાઈ પંડત નામના રબારી શખ્સ સામે જુદા જુદા ચાર ગુનાઓ નોંધવામાં આવ્યા હતા. ઉપરોક્ત નામચીન દારૂના ધંધાર્થી સામે જિલ્લા પોલીસ વડા દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરીને જિલ્લા સમાહર્તા સમક્ષ મોકલવામાં આવી હતી. તેને મંજૂરીની મહોર લાગી જતાં એલસીબીની ટીમે માલાભાઈ હીરાભાઈ પંડતની અટકાયત કરી લીધી છે, અને તેને સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે.

# ખંભાળિયામાં બે વેવાઈ પક્ષ વચ્ચે બઘડાટી થતાં બન્ને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ

ખંભાળિયા : ખંભાળિયામાં શક્તિનગર વિસ્તારમાં આવેલી શ્રીનાથજી સ્કૂલની પાછળના ભાગે રહેતા ગઢવી ખીમાભાઈ ઉર્ફે ભોલાભાઈ જેસાભાઈ રૂડાચ નામના ૪૮ વર્ષના યુવાનની પુત્રીના લગ્ન થોડો સમય પૂર્વે હાલ સુરતમાં રહેતા અને મૂળ ખંભાળિયાના ધરમપુર વિસ્તારના રહીશ લખુભાઈ ભીમાભાઈ ભાન (ઉ.વ. ૫૬) ના પુત્ર કરણ સાથે થયા હતા. લગ્ન બાદ ફરિયાદી ખીમાભાઈની પુત્રી કેનેડા માટે ભણવા માટે ગઈ હતી. જેના માટે લખુભાઈ ભાનએ એજ્યુકેશન લોન કરાવી હતી. આ લોનમાં ગેરંટર તરીકે ફરિયાદી ખીમાભાઈ રૂડાચ તથા તેમના જમાઈ હતા.

આ એજ્યુકેશન લોનના પૈસા બાબતે આરોપી લખુભાઈએ અવારનવાર ફરિયાદી ખીમાભાઈ લોનના પૈસા ખાઈ ગયેલ છે તેવી વાતો કરી હતી. જેથી ખીમાભાઈએ તેમના જમાઈ કરણ ક્યાં છે? તેમ પૂછતા આરોપી લખુભાઈ ગઢવીએ ઉશ્કેરાઈને તેમને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ પ્રકરણ અંગે પોલીસે આઈપીસી કલમ ૫૦૪ તથા ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધ્યો છે.આ ઉપરાંત સામા પક્ષે ગઢવી લખુભાઈ ભીમાભાઈ ભાન (ઉ.વ. ૫૬, મૂળ રહે. ધરમપુર - ખંભાળિયા, હાલ સુરત) એ શ્રીનાથજી સ્કૂલ પાછળ રહેતા ખીમાભાઈ ઉર્ફે ભોલાભાઈ જેસાભાઈ રૂડાચ અને ભાડથર ગામે રહેતા મેઘા જેસાભાઈ રૂડાચ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ફરિયાદી લખુભાઈએ પોતાની પુત્રવધુ એવી આરોપીની ખીમાભાઈની પુત્રી નંદિનીને કેનેડા ખાતે ભણવા મોકલી હોય, જેથી આરોપીએ ફરિયાદી લખુભાઈને કહેલ કે આપણી વચ્ચે દીકરા-દીકરીના થયેલા સંબંધ પુરા કરી નાખવા છે. તેમ કહેતા લખુભાઈએ ના પાડતા થયેલી બોલાચાલી બાદ આરોપીઓએ તેમને બિભત્સ ગાળો કાઢી, જાનથી નાખવાની ધમકી આપી હતી.

આ પ્રકરણમાં ખંભાળિયા પોલીસે બંને ભાઈઓ સામે આઈ.પી.સી. કલમ ૫૦૪, ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હેડ કોન્સ્ટેબલ આર.જે. હુણ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં લાખો રૂપિયા વ્યાજે લેનાર મગફળીના વેપારીનું મકાન અને બાઈક વ્યાજખોરોએ પડાવી લીધા

## ચાર શખ્સો સામે ફરિયાદ થતા બેની ધરપકડ કરાઈ, જ્યારે બે શખ્સો અન્ય ગુનામા જેલવાસ ભોગવી રહ્યા છે

જામનગર : જામનગરમા મગફળીના એક ધંધાર્થીએ ધંધામાં ખોટ જતા ચારેક લોકો પાસેથી લાખોની રકમ ઊંચા વ્યાજદરથી મેળવી હતી. જેની વ્યાજ સહિત ચુકવણી કરી આપવા છતાં વ્યાજખોરો દ્વારા વધુ રકમની માંગણી કરી તેનું મકાન અને સ્કૂટર પચાવી પાડતા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા ચાર આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. અને બે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા છે. જ્યારે અન્ય બે આરોપીઓ પહેલેથી જ અન્ય ગુનામાં જેલમાં છે.

જામનગરના બેડેશ્વર ગરીબનગર વિસ્તારમાં રહેતા ઈમરાન કાસમભાઇ અમીરાણી મગફળીનો વ્યવસાય કરે છે. જેમને ધંધામાં ખોટ જતા અને પૈસાની જરૂરિયાત ઊભી થતાં અલગ અલગ ચાર શખ્સો પાસેથી તગડી રકમ વ્યાજે લીધી હતી. જેમાં એજાજ યમરભાઈ સાયચા પાસેથી ૩૫ અને પછી ૧૪ લાખ મળી કુલ રૂ.૪૯ લાખની રકમ વ્યાજે લીધી હતી. ત્યાર પછી મહેબૂબ જુસબભાઈ સાયચા પાસેથી કુલ રૂ.૨૯ લાખ, અને જુસબ સુભાણિયા પાસેથી ૩૫ લાખની રકમ વ્યાજે લીધી હતી. જેનું ૬ થી ૧૫ ટકા જેટલું વ્યાજ પણ ચૂકવ્યું હતું. આમ છતાં આરોપીઓ દ્વારા વધુ રકમની માંગણી કરી તેને ત્રાસ આપવામાં આવતો હતો. અને ફરિયાદી ઈમરાનભાઈના મકાનનો તેમજ સ્કૂટરનો કબજો બળજબરીથી મેળવી લીધો હતો. વ્યાજખોરના ત્રાસથી કંટાળી જઈ હમીરભાઈ છેલ્લા ૬ માસથી કાલાવડ રહેવા ચાલ્યા ગયા હતા. અને ગામ છોડી દીધું હતું.

આખરે આ બનાવવા અંગે ઈમરાન કાસમભાઇ હમીરાણીએ વ્યાજખોરો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને આરોપી હાજી જુસબભાઈ સુભાણીયા અને હનીફ જુસબભાઇ સુભાણીયાની ધરપકડ કરી તેને જેલ હવાલે કર્યા છે. જ્યારે અન્ય બે આરોપીઓ એજાજ ઉંમરભાઈ સાયચા અને મહેબૂબ જુસાબભાઈ સાયચા અન્ય કોઈ ગુનામાં હાલ જેલમાં છે. આથી પોલીસ દ્વારા તેનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવવા તજવીજ ચાલી રહી છે.

# જામનગરમાં આચારસંહિતાની અમલવારીના ભાગરૂપે વાહનોનું ચેકિંગ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને જામનગર જિલ્લાનું ચૂંટણી તંત્ર એલર્ટ બન્યું છે, અને વહીવટી તંત્રની ફ્લાઈંગ સ્કવોર્ડ દ્વારા શહેર- જિલ્લામાં જુદા જુદા વિસ્તારોમાં ચેક પોસ્ટ ઉભી કરવામાં આવી છે, અને વાહનોનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જે અનુસાર આજે સવારે જામનગર ના અન્નપૂર્ણા ચોકડી પાસે ચેકપોસ્ટ ઊભી કરીને હંગામી પોલીસ છાવણી તૈયાર કરવામાં આવી છે, અને ત્યાંથી પસાર થનારા તમામ પ્રકારના વાહનોનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. જોકે હજુ સુધી જામનગર શહેરમાંથી ચૂંટણીના સંદર્ભમાં કોઈ વાંધાજનક વસ્તુઓ મળી નથી.

# સોનાના ભાવ વધતા ખંભાળિયાના આધેડે આર્થિક સંકળામણથી કર્યો આપઘાત

ખંભાળિયા : ખંભાળિયામાં રહેતાં એક સોની આધેડે તાજેતરમાં સોનાના ભાવમાં એકાએક તેજી આવી જતાં તેમણે લીધેલા ઓર્ડરે લીધે આર્થિક સંકળામણમાં આવી જતાં તેઓએ થોડાં દિવસ પહેલાં ઝેરી દવા પી લીધી હતી. જેનું સારવારમાં ગઈકાલે મૃત્યુ નિપજયું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે, ખંભાળિયામાં કલ્યાણ બાગ સોસાયટીમાં રહેતા નીતિનભાઈ વ્રજલાલ ગુસાણી નામના સોની આધેડને સોનાના ઘરેણા બનાવવાનું કામ હોય પરંતુ તાજેતરમાં સોનાના ભાવમાં એકાએક ભયંકર ઉછાળો આવ્યો છે ત્યારે તેઓએ સોનાના ઘરેણા બનાવવાનો ઓર્ડર લીધો હોય જેમાં ભાવવધારાને લીધે મોટી ખોટ આવતી હોય તેમજ આર્થિક સંકળામણ ઉભી થવા પામી હોય જેના લીધે તેમણે આપઘાત કરી લેવા ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જેથી તેમને હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે મૃતકનો પુત્ર કરણ નીતિનભાઈ ગુસાણીએ પોલીસને જાણ કરતાં હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં આર્થિક સંકળામણથી કંટાળી જઈ યુવાને ગળાફાંસો ખાધો

જામનગર : જામનગરમાં યોગેશ્વર નગર વિસ્તારમાં રહેતા અને કડિયા કામ કરતા એક યુવાને આર્થિક સંકળામણના કારણે જિંદગીથી કંટાળી જઈ ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં યોગેશ્વર નગર શેરી નંબર -૨ માં રહેતા અને કડિયા કામ કરતા હરેશ પ્રવીણભાઈ ભટ્ટી નામના યુવાને ગઈકાલે પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ભારે ચકચાર જાગી છે. મૃતકની પત્ની પ્રીતિબેન હરેશભાઈ પટ્ટીએ પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝનના પી.એસ.આઈ. એમ. કે. બ્લોચ બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક ની પત્નીએ જણાવ્યું હતું, કે તેના પતિનો હાલમાં કડિયા કામનો ધંધો બરાબર ચાલતો ન હોવાથી આર્થિક સંકળામણ ભોગવતા હતા, અને સતત ટેન્શનમાં રહેતા હતા. જે ટેન્શનના કારણે આપઘાતનું પગલું ભરી લીધા નું જણાવ્યું હતું.

# જામ્યુકોના સ્ટે. ચેરમેન, એડવોકેટ અને બેંકકર્મીના ફેસબૂક એકાઉન્ટ હેક કરાયા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તેમજ જાણીતા એડવોકેટ અને એક બેક્ર કર્મચારીના ફેસબૂક એકાઉન્ટ હેક કરી એમના નામે નાણાંની માંગણી કરવામાં આવતાં આ બાબતે સાયબર ક્રાઈમ પોલીસને જાણ કરવામાં આવી છે.

જામનગરમાં રહેતા અને વકીલાત કરતા નિતલ ધ્રુવ, બેંક કર્મચારી નિરજ દત્તાણી અને ચેરમેન નિલેશ કગથરાના ફેસબૂક એકાઉન્ટ હેક થયા છે. હેકરે ત્રણેયના બોગસ ફેસબૂક એકાઉન્ટ બનાવી મિત્રને નાણાની જરૂર હોવાથી રૂા. ૨૦ થી ૨૫ હજાર માંગણી કરી નાણાં મોકલવાના મેસેજ ત્રણેયના મિત્રોને ફેસબૂકના માધ્યમથી કર્યા છે. જેની જાણ થતાં ત્રણેય લોકોએ પોતાનું ફેસબૂક એકાઉન્ટ હેક થયું છે માટે કોઈએ રિપ્લાય આપવો નહી તેવી સંબંધિતોને જાણ કરી છે.

આ બનાવ અંગે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન ફરિયાદ કરવામાં આવી છે. ઓનલાઈન છેતરપિંડીના કિસ્સા દિન પ્રતિદિન ઘટવાના બદલે વધતા જાય છે. ત્યારે છેતરપિંડીના આ નવા કીમીયાથી શહેરભરમાં આ મુદ્દો ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટમાં મધરાત્રે ભેળના ધંધાર્થીને માર મારી લારીમાં કરી તોડફોડ : વેપારીઓએ ફટાફટ શટર પાડી દીધા

## લુખ્ખા તત્વોએ ધમાલ મચાવી : ખરીદી કરવા આવેલા કાર ચાલક પર હુમલો : લોકોમાં ભયનો માહોલ સર્જાયો








તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટમાં લોકસભાની ચૂંટણીને લઈને પોલીસ સતર્ક બની છે અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સોને પાસા તળે ધકેલવામાં આવી રહ્યા છે તેમ છતાં પોલીસ પેટ્રોલિંગ વચ્ચે લુખ્ખા તત્વો પોલીસને પડકાર ફેંકી રહ્યા હોય તેમ ગઈકાલે જ્યુબિલી ચોક પાસે પરા બજારમાં મધરાત્રે લુખ્ખા તત્વોએ આતંક મચાવ્યો હતો અને ભેળના ધંધાર્થી ઉપર લોખંડના સળિયા વડે હુમલો કરી ભેળની રેકડીમાં તોડફોડ કરી હતી અને ખાણીપીણીની દુકાનો બંધ કરાવી હતી. તે દરમિયાન લુખ્ખા તત્વોએ ખરીદી કરવા આવેલા કારચાલક ઉપર છરી વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા ખાણીપીણીના ધંધાર્થી અને કાર ચાલકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા રાજકોટમાં મધરાત્રે લુખ્ખા તત્વોએ ધમાલ મચાવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ઢેબર રોડ ઉપર રહેતા વિમલભાઈ નાનાલાલ ભગદેવ નામના ૪૬ વર્ષના પ્રૌઢ રાત્રીના સાડા અગીયારેક વાગ્યાના અરસામાં જુબેલી ચોક પાસે પોતાની જલારામ ભેળ નામની રેકડીએ હતા ત્યારે આરીફ અને આશિષ સહિતના શખ્સો ધસી આવ્યા હતા અને વિમલભાઈ ભગદેવ સાથે ઝઘડો કરી લોખંડના સળિયા વડે ખાણીપીણીની લારીમાં તોડફોડ કરી હતી તે દરમિયાન વચ્ચે પડેલા પાણી પીણીના ધંધાર્થી વિમલભાઈ ભગદેવને લુખ્ખા શખ્સોએ હાથમાં લોખંડનો સળીયો મારી દીધો હતો. વિમલભાઈ ભગદેવને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.પ્રાથમિક પૂછપરછમાં વિમલભાઈ ભગદેવ છેલ્લા ૫૦ વર્ષથી જ્યુબિલી ચોક પાસે પરા બજારમાં જલારામ ભેળ નામે રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે અને ગત રાત્રે આરીફ અને આશિષ સહિતના શખ્સો ધસી આવ્યા હતા અને ઝઘડો કરી તોડફોડ કરી હતી અને ધમાલમાં મચાવી હતી એટલું જ નહીં પણ લુખ્ખા તત્વોએ આતંક મચાવી આજુબાજુમાં રહેલ ખાણીપીણીની દુકાનો બંધ કરાવી હતી અને લુખ્ખા તત્વોએ ધમાલમાં ચલાવતા ખાણીપાણીના ધંધાર્થીઓ ગભરાઈ ગયા હતા અને તાત્કાલિક દુકાનોના શટર પાડી દીધા હતા. લુખ્ખાઓના આતંક વચ્ચે જામનગર રોડ ઉપર આવેલા સ્લમ ક્વાર્ટરમાં રહેતા પ્રશાંત ઠાકોરભાઈ વાળા નામનો ૨૪ વર્ષનો યુવાન પોતાના પિતરાઈ ભાઈ સહિત ચાર વ્યક્તિ સાથે કાર લઈને પરા બજારમાં કેરી લેવા માટે આવ્યો હતો. અને જે ધમાલ મચતા તે પણ ઘરે જવા રવાના થયો હતો તે દરમિયાન બાઈક સાઈડમાં લેવાનું કહેતા લુખ્ખા તત્વોએ પ્રશાંત વાળા ઉપર પણ છરી વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા પ્રશાંત વાળાને પણ તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. લુખ્ખા તત્વોએ મધરાત્રે પરા બજારમાં ખાણીપીણીની દુકાનો બંધ કરાવી ધમાલ મચાવતા સન્નાટો મચી ગયો હતો. આ ઘટના અંગે જાણ થતા તાત્કાલિક એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પરંતુ પોલીસ ઘટના સ્થળે પહોંચે તે પૂર્વે લુખ્ખા તત્વો પલાયન થઈ ગયા હતા પોલીસે મધરાત્રે આંતક મચાવી વેપારી પ્રૌઢ અને કાર ચાલક ઉપર હુમલો કરનાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.

# લોધીકાના ખાંભા ગામ પાસે અજાણ્યા યુવાનની ગળુ કાપી હત્યા :પોલીસ દોડી

## મૃતક યુવાનની ઓળખ મેળવવા તપાસનો ધમધમાટ : મૃતકની લાશનું ફોરેન્સીક પીએમ

રાજકોટ,

લોધીકાના ખાંભા ગામની સીમમાં અજાણ્યા યુવાનની ગળુ કાપી હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. પોલીસે મૃતક યુવાનની ઓળખ મેળવવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી વિગતો મુજબ ખાંભા ગામની સીમમાં ખાંભેશ્વર ઈન્ડસ્ટ્રીઝના રસ્તાશ ઉપર ગુજરાત પોલીમર્સ કારખાનાની બાજુમાં ગત રાત્રે ૧૧ વાગ્યે અજાણ્યા યુવાનની લાશ પડી હોવાની ખાંભા ગામના સરપંચ હિતેશ સાગઠીયાએ લોધીકા પોલીસને જાણ કરતા લોધીકા પોલીસના પ્રોબેશનર્સ આઈપીએસ આયુષ જૈન તથા રાઈટર રવિરાજસિંહ સહિતનો કાફલો ઘટના સ્થ ળે દોડી ગયો હતો. અને મૃતકની લાશને ફોરેન્સીક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવાનના ગળામાં તીક્ષ્ણ હથિયારના ઘા હોવાનું અને તેની ક્રૂર હત્યા કરાયાનું ખુલતા રૂરલ ક્રાઈમ બ્રાંચના પીઆઇ વિજય ઓડેદરા, પીએસઆઈ હરદેવસિંહ ગોહિલ, પીએસઆઈ ડી.જી.બડવા, રૂરલ એસઓજીના પીઆઈ પારઘી તથા પીએસઆઈ બી.સી. મિયાત્રા સહિતની કાફલો ઘટના સ્થળે દોડી જઇ તપાસનો ધમધમાટ શરૂ થયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૃતક યુવાનના કપાળ પર ગુજરાતીમાં 'રામ' લખેલ છે તેમજ જમણા હાથ ઉપર ટૂટે હિન્દીમાં 'નરસિંમ્હાન' લખેલ છે. શરીર ઉપર ગુલાબી શર્ટ અને બ્લે ક ટ્રેક સુટ પહેરેલ છે. લોધીકા પોલીસે ફોરેન્સીક પીએમ રીપોર્ટ બાદ અજાણ્યાા શખ્સજ સામે ગુન્હો દાખલ કરવા તપાસ હાથ ધરી છે.

હત્યા્નો ભોગ બનનાર અજાણ્યાા યુવાનની ઓળખ મળ્યા? બાદ જ હત્યારા અને હત્યાનો હેતુ બહાર આવશે. પોલીસે હત્યાનો ભોગ બનનાર યુવાનની ઓળખ મેળવવા જુદી જુદી દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# રાજકોટના કાર કૌભાંડમાં બે આરોપી પોલીસ સકંજામાં : રૂા.૧.૮૧ કરોડની ૨૬ કાર કબજે

## બન્ને ગઠિયાએ બે મહિનામાં ૨૬ કાર ૧૫ દિવસ ભાડું ચૂકવી લઈ ગયા બાદ અદ્રશ્ય થયા હતા

રાજકોટ,

રાજકોટ માં છેલ્લા કેટલાક સમયથી ભાડે ગાડીઓ મામૂલી રકમ લઈને આપી દેવાના બનાવો સામે આવતાં હતા.આ મામલે એક સતાવાર ફરિયાદ નોંધાઈ હતી.જેમાં રાજકોટના અને મૂળ ગોંડલ તાલુકાના મોટી ખીલોરી ગામના ઋષિ હિંમતભાઈ ચોવટીયા નામના વ્યક્તિએ રાજકોટ તાલુકા પોલીસમાં એક સ્કોર્પિયો કાર આકાશ ઉર્ફે અકી પટેલ(રહે.કોઠારિયા રોડ રાજકોટ) અને બિલાલશા હશનશા શાહમદાર(રહે.જામનગર વાળા)ને ભાડે થી ગાડી આપી હતી.પરંતુ સમય સર ગાડી કે ભાડું પરત ન આપતા ગાડી માલિક દ્વારા બંને વિરુદ્ધ છેતરપીંડીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.ત્યારે વધુ એક ગુનો રાત્રે બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયો છે.

જેમાં રેલનગર-૨માં આવેલી જાનકી વાટિકા સોસાયટીમાં રહેતા પીન્ટુભાઇ રાજેશભાઈ ચાવડા નામના વેપારીની અને મિત્રોની કુલ ૨૬ જેટલી મોંઘી કાર રૂ.૧.૮૧ કરોડની આ બંને શખ્સો છેતરપીંડીથી લઈ ગયાની ફરિયાદ નોંધાવતા હાલ આ મામલે ક્રાઈમ બ્રાન્ચ તપાસ ચલાવી રહી છે.બંને આરોપીને હાલ સકંજામાં લઈ તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. વધુ વિગતો મુજબ,રેલનગરમાં આવેલી જાનકી વાટિકા સોસાયટીમાં રહેતા પીન્ટુભાઇ રાજેશભાઈ ચાવડાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે,તેમને મોરબી રોડ જકાતનાકા પાસે પિતૃ કૃપા કોમ્પ્લેક્સમાં મહાદેવ સેલ્ફ ડ્રાઈવિંગ નામની ઓફિસ આવેલી છે.આ ઓફિસમાં તેમની સાથે જયકિશનભાઇ ભટ્ટ, શિવમભાઈ ભટ્ટ, કૌશિકભાઈ ગાંગાણી, દેવાંગભાઈ હરસોડા અને પ્રતિકભાઈ પટેલ એમ છ પાર્ટનર છે.તેઓ પાસે કુલ ૨૦ ગાડી છે.એક વર્ષ પહેલા પાર્ટનર જયકીશનભાઈને અક્કી પટેલનો ફેસબુક મારફતે સંપર્ક થયો હતો.તેની બેઠક આહીર ચોક પાસે છે.તેમને ક્યારેક ક્યારેક ગાડીની જરૂર હોય તો તેમના કસ્ટમરને ગાડી આપી તેમનું કમિશન લઈ ગાડી લઈ જતા હતા.તેઓ બે મહિના પહેલા તેઓએ જયકિશનભાઈનો સંપર્ક કરી જામનગર વાળા બિલાલશાને ગાડી જોઈ છે તેમ કહી ૧૦ દિવસ માટે કિયા ગાડી લઈ ગયા અને તેમના રૂ.૩૦ હજાર આપ્યા હતા.બાદમાં તેઓ જણાવ્યું કે બીજી એક ગાડી ટોયોટા કેરોલા હતી.આ ગાડી ગ્રે કલરની રૂ.૯ હજારમાં પાંચ દિવસ માટે તેઓ લઈ ગયા હતા.બાદમાં પંદર દિવસે કિયા ગાડી પરત કરી હતી.આ લોકો તેમજ આ લોકો પૈસા ટાઈમ ટુ ટાઈમ આપી દેતા તેની પર વિશ્વાસ બેઠો હતો.તેમજ આ લોકો અમારી ઓફિસે આપી અલગ અલગ ૧૨ મોંઘી કાર લઈ ગયા હતા. તેમજ મિત્ર સાવન પરસાણાની બે ગાડી,આજીડેમ ચોકડી પાસે માનસરોવર પાર્ક પાસે સત્યમ પાર્કમાંથી વિપુલ કરશનભાઈ રાતડીયા પાસેથી કુલ ૧૨ કાર લઈ એમ કુલ રૂ.૧.૮૧ કરોડની ૨૬ ગાડી છેતરપીંડીથી લઈ જઈ પરત આપી નહોતી.આ મામલે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ હુણ સહિતના સ્ટાફે બંને આરોપીને સકંજામાં લઈ અંદાજીત ૨૬ જેટલી ગાડી જપ્ત કરી હતી.હાલ બી ડિવિઝન પોલીસમાં ગુન્હો નોંધવામાં આવતા ક્રાઈમ બ્રાન્ચ પીઆઇ ગોંડલીયા તપાસ ચલાવી રહ્યા છે.

# રાજકોટમાં હાર્ટ એટેકના વધુ બે બનાવોમાં યુવાન-મહિલાના મોત

## ભવાનીનગરના યુવાન અને જીવરાજ પાર્કના મહિલાનું હદય બંધ પડી ગયું





રાજકોટ,

રાજકોટમાં હ્દય બંધ પડી જવાના બનાવો યથાવત રહ્યા છે. રાજકોટના રામનાથપરા પાસે ભવાનીનગર-૪માં રહેતો સંજયભાઇ ભરતભાઇ પરમાર (ઉ.વ.૩૦) રાતે બારેક વાગ્યા બાદ સુઇ ગયા બાદ સવારે ન જાગતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત જાહેર કરાતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હાર્ટએટેકથી મૃત્યુટ થયાનું જણાવાયુ હતું. સંજયભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટો તથા કુવારો હતો. તે દાણાપીઠમાં મજૂરી કરતો હતો.

બીજા બનાવમાં જીવરાજ પાર્ક સ્વાામિ વિવેકાનંદ ટાઉનશીપમાં રહેતાં કિરણબેન ચંદ્રેશભાઇ રાજા (ઉ.વ.૪૬) ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રા ણ જાહેર કરતાં સ્વાજનોમાં ગમગીની વ્યાપપી ગઇ હતી. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ પ્લા?સ્ટીરકની ચીજવસ્તુ?ની ફેરી કરે છે. હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું. બંને બનાવમાં હોસ્પિબટલ ચોકીના કેતનભાઇ નિકોલા, રામશીભાઇ વરૂ સહિતે એ-ડિવીઝન અને તાલુકા પોલીસને જાણ કરી હતી.

# રાજકોટમા ખોટુ નામ ધારણ કરી વિધવા સાથે દૂષ્કર્મ ગુજારનાર નામચીન શખ્સ પકડાયો

રાજકોટ,

રાજકોટ શહેરમાં રહેતી એક વિધવાને જ્ઞાતિ છુપાવી પ્રેમજાળમાં ફસાવી ભીસ્તીવાડમાં રહેતાં અને નામચીનની શખ્સે। લગ્નની લાલચ આપી દૂષ્કુર્મ આચરી લઇ બાદમાં લગ્નની ના પાડી ઝઘડો કરી માર મારી ધમકી આપતાં મહિલા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ આરોપીને ક્રાઇમ બ્રાંચની ટીમે ઝડપી લીધાનું ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું.



આ બનાવમાં પોલીસે ભોગ બનેલી મહિલાની ફરિયાદ પરથી ભીસ્તીુવાડના એઝાઝ ઉર્ફે ટકાની ગેંગનો સાગરીત યાસીન ઉર્ફે ભૂરો ઓસમાણ કયડા વિરૂધ્ધફ ગુનો નોંધ્યોુ હતો. ભોગ બનનાર મહિલએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તેણી વિધવા હોઇ કપડાંનો વેપાર કરતી હતી. આઠેક વર્ષ પહેલા પુષ્ક રધામ રોડ પર મોબાઇલ ફોનનું રિચાર્જ કરાવવા ગઇ હતી ત્યારે યાસીન સાથે મુલાકાત થઇ હતી. ત્યાપરે તેણે પોતાનું મુસ્લિમ નામ જ્ઞાતિ છુપાવીને મને પોતે રાહુલ પ્રજાપતિ છે તેવી ઓખળ આપી હતી અને પોતાના ફોન નંબર પણ આપ્યા હતાં. એ પછી તેણે ફોનમાં વાતચીત કરી હતી.

જે તે વખતે યાસીને તેની જ્ઞાતિ અને સાચુ નામ છુપાવી મને પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્નની લાલચ આપી હતી. એ પછી મકાનમાં મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. દરમિયાન ત્રણ વર્ષ પહેલાં યાસીન ઉર્ફે ભૂરા સહિતની ટોળકી સામે ગુજસીટોકનો ગુનો નોંધાતા રાજકોટ જિલ્લા જેલમાં ધકેલાયો હતો. ચાર મહિના પહેલાં જ જેલમાંથી જામીન પર છૂટી બહાર આવ્યો હતો. તે દરમિયાન યાસીનની માતાએ તેને તું જેની સાથે રહે છે તેની પાસે મોબાઈલ હોઇ તે કોઈ અન્ય પુરૂષ સાથે વાતો કરતી હતી તેવું કહેતાં યાસીને શંકાઓ કરી ઝઘડા કરી મારકુટ ચાલુ કરી હતી.

તેમજ તારે બીજા સાથે લફરૂં છે તેમ કહી ત્રાસ આપતો હતો અને મરજી વિરૂધ્ધય દુષ્કીર્મ આચરતો હતો. ત્યાર બાદ તેને લગ્ન કરવાનું કહેતા તેણે વધુ ઝઘડો કરી મારકૂટ કરી લગ્નની ના પાડતાં અંતે ફરિયાદ નોંધાવવી પડી હતી. પીઆઇ આઇ. એન. સાવલીયા અને સ્ટાફે દુષ્કર્મ, ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. દરમિયાન ક્રાઇમ બ્રાંચના એસીપી બી. બી. બસીયા, પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં ટીમે આરોપીને પકડી લીધાનું ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું.

# રાજકોટના નવગામમાં વર્લી ફીચરના આંકડા લખી જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

રાજકોટ,

રાજકોટના નવગામમાં વર્લી ફીચરના આંકડા લખી જુગાર રમતા સાત બાજીગરોને બી ડિવિજન પોલીસે પકડી પાડયા હતા.પોલીસે

જુગારીઓ પાસેથી ૧.૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.બનાવની વિગત મુજબ બી ડિવિજન પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન હેડ કોન્સ્ટેબલ કે. એન. જાડેજા, કોન્સ્ટેબલ વિશ્વજીતસિંહ ઝાલા, જયદીપસિંહ બોરાણા ભાનુશંકર પાંચલા, રાજદિપભાઈ પટગીર તથા જગદીશભાઈ વાંકને બાતમી મળી હતી કે નવાગામ બસ સ્ટેશન પહેલા એચ. એચ. ટ્રાન્સપોર્ટ સામે વર્લી મટકાનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે દરોડો પાડી તે સ્થળ પરથી વિશાલ મનસુખભાઈ ઝાપડા (ઉ.વ.-૨૩ રહે-નવાગામ આણંદપર), હરજી ભીમાભાઈ જોડા (ઉ.વ.-૩૯ રહે-સાત હનુમાનજી મંદિર સામે દેવનગર ઢોરા મ.પા રામાપીરના મંદિર પાસે રાજકોટ), લખમણભાઈ તળશીભાઈ ધામેચા (ઉ.વ.-૭૦ રહે-નવાગામ (આણંદપર) બસ સ્ટેશન સામે શેરી નં.-૦૫), જગાભાઈ ધરમશીભાઈ રાઠોડ (ઉ.વ.-૫૫ રહે- સાત હનુમાનજી મંદિર સામે દેવનગર), નિલેશભાઈ હરીભાઈ જોષી ( ઉ.વ.-૫૫ રહે- નવાગામ (આણંદપર) શક્તિ સોસાયટી શેરી નં.-૦૪ રાજકોટ), પનજીભાઈ ઓધવજીભાઈ વાડોલીયા ( ઉ.વ.-૬૦રહે- જામનગર રોડ બજરંગ વાડી શેરી નં.-૧૪), ફિરોજભાઈ અલાઉદ્દીનભાઈ ઘાડા ( ઉ.વ.-૫૪ રહે- કોઠારીયા રોડ નિલકંઠ ટોકીઝ પાછળ ભરતવન સોસાયટી શેરી નં.-૦૧ ) ને દબોચી લઈ પોલીસે જુગારીઓ પાસેથી ૧.૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટના અમીન માર્ગ પર અર્જુન પાર્કમાં પાણીનો ટાંકો સાફ કરવા ઉતરેલા યુવાનનું ડૂબી જતાં મોત

## સફાઇ કામ કરતો યુવાન પાણીનો વાલ્વ બંધ કરવા જતાં ડૂબી મર્યો : પરિવારમાં કલ્પાંત



રાજકોટ,

રાજકોટના જામનગર રોડ પર રહેતો અને છુટક સફાઇ કામ કરતો યુવાન અમીન માર્ગ પાસે અર્જુન પાર્કમાં સફાઇ કામ માટે ગયો હતો ત્યારે એક ઘરના ફળીયામાં આવેલા પાણીના ટાંકાનો વાલ્વપ બંધ કરવા અંદર ઉતરતાં પાણીમાં ડૂબી જતાં તેનું મોત નિપજ્યું હતું. બનાવથી પરિવારમાં કલ્પાાંત સર્જાયો હતો.

જાણવા મળ્યા મુજબ સ્લમ ક્વોર્ટરમાં રહેતો મહેશભાઇ રમેશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૮) સવારે દસેક વાગ્યે્ સફાઇ કામ માટે ગયો હતો. એ વખતે અમીન માર્ગ પર અર્જુન પાર્કમાં આવેલા એક બંગલાના ભોં ટાંકામાં પાણીનો વાલ્વ ચાલુ હોઇ તે બંધ કરવા માટે બોલાવાતા તે ત્યાંા ગયો હતો. ઘણી વાર થવા છતાં તે ટાંકામાંથી બહાર ન આવતાં પત્નિો અનીતાબેન અને ઘરધણીને તપાસ કરી હતી. પણ તે ટાંકામાં પાણી ભરેલુ હોઇ દેખાતો નહોતો. ફાયર બ્રિગેડને જાણ થતાં કાલાવડ રોડ ફાયર સ્ટે શનની ટીમના જવાનો સ્ટેમશન ઓફિસર વિગોરા, જમાદાર જયપાલસિંહ, ફાયરમેન હર્ષદભાઇ, મહાવીરસીંહિ, સુરેશભાઇ, નવજીતસિંહ, ડ્રાઇવર મનોજભાઇ સહિતે તાકીદે પહોંચ્યાહ હતાં અને રેસ્યુ કરી ટાંકામાંથી મહેશભાઇને બેભાન હાલતમાં બહાર કાઢી સીપીઆર આપ્યુંપ હતું બાદમાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. પરંતુ અહિ મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કરતાં સ્વજનોમાં ગમગીની વ્યા્પી ગઇ હતી. મૃત્યુ પામનાર મહેશભાઇ બે બહેનનો એકનો એક વચેટ ભાઇ હતો અને માતા-પિતાનો આધારસ્તંભ હતો. તેના મૃત્યુથી ચાર દિકરીઓએ પિતાનું છત્ર ગુમાવી દીધુ હતું. હોસ્પિટલ ચોકીના કેતનભાઇ નિકોલા સહિતે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

# રાજકોટના આંબેડકરનગરના યુવાનની હત્યામાં એએસઆઈ હાજર : રિમાન્ડની માગણી

રાજકોટ,

રાજકોટના ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં ગત ૧૪ તારીખે રાત્રે પાડોશીના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન પોલીસ પાસે સમાધાન કરવા જતા પોલીસે ઢોર માર મારતા હત્યાની કોશિષનો ગુનો નોંધાયા બાદ સારવારમાં યુવકનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો.આ અંગે માલવિયાનગર પોલીસે એટ્રોસિટી, હત્યાની કલમનો ઉમેરો કરી શોધખોળ શરૂ કરી હતી.દરમિયાન રાત્રે એએસઆઈ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થતા અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપતા પોલીસ આજે સાંજે કોર્ટમાં રજુ કરશે.

વધુ વિગતો મુજબ,શહેરના આંબેડકરનગરમાં રહેતા રાજુભાઈ સોલંકી અને તેનો પૂત્ર જયેશ ગત ૧૪ તારીખે રાત્રે ઝઘડો કરતા હોય અને પોલીસ બોલાવવામાં આવતા જયેશ મદદ માંગવા જતા હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ ઉ.૩૪ સમાધાન માટે ત્યાં ગયા હતા ત્યારે ફરજ પરના પોલીસમેનએ તેને ત્યાં મારકૂટ કરી પોલીસ વેનમાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ જઈ પાઈપથી ઢોર માર માર્યો હતો મોડી રાત્રે ઘરે લઈ ગયા બાદ બેભાન થઇ જતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડતા માલવિયાનગર પોલીસે અજાણ્યા સામે પત્નીની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધ્યો હતો દરમિયાન ૧૬ તારીખે સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો અને કડક કાર્યવાહીની માંગ સાથે મૃતદેહ સાથે પરિવારે હોસ્પિટલ ચોકમાં વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે હત્યા અને એટ્રોસિટીની કલમનો ઉમેરો કરી માર મારી હત્યા કરનાર એએસઆઈ અશ્વિનભાઈ જેઠાભાઈ કાનગડને પકડવા ત્રણ ટીમો દોડાવી હતી સપ્તાહ પછી ગઈકાલે અશ્વિન કાનગડ ડીસીબી સમક્ષ રજુ થતા પીઆઈ ગોંડલીયા સહિતે અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપ્યો હતો.એસીપી બી.જે.ચૌધરીએ જણાવ્યું હતું કે વધુ તપાસ અર્થે આરોપીને આજે કોર્ટમાં રજુ કરવામાં આવશે.

